અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم

اخلاق الصالحین
એટલે

# અલ્લાહવાળાઓની પેહચાન


લેખક : ખલીફાએ આ'લા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ શરીફ કોટલવી علیہ الرحمۃ والرضوان

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)



★ પ્રકાશક ★

અંજુમને રઝાએ મુસ્તફા
GRWB/059/Bharuch/02
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.


પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો !


## "સુન્ની દા'વતે ઈસ્લામી"
## વર્તમાન સમયની મહત્વની તેહરીક !

**"સુન્ની દા'વતે ઈસ્લામી" એ વિ□વ્યાપી સુન્ની તેહરીક છે કે જે.....**

★ દિલોને ઈશ્કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની મીઠાશથી તર બતર કરવા કાર્યરત છે.
★ ઈશ્કે મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم ની હકીકતની પેહચાન કરાવનારી ચળવળ છે.
★ મહબ્બતે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم નો દાવેદાર કેવો હોવો જોઈએ તેની સહી સમજ આપતી તેહરીક છે.
★ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી પ્યારી સુન્નતો પ્રતિ લોકોને આકર્ષતી બેમિષાલ તેહરીક છે.
★ યુવાનો યુવતીઓને ઈસ્લામ વિરૂધ્ધ, રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનો તથા સુન્નતો વિરૂધ્ધની અંગ્રેજી ઢબની જિંદગી ત્યજીને સાચા માર્ગે ચાલતા કરનારી ચળવળ છે.
★ ઈલ્મ તથા ઉલમાથી મહોબ્બત તથા લગાવ રાખવાનો પૈગામ આપનારી તેહરીક છે.
★ **ગૌષો ખ્વાજા વ રઝા** رضی اللہ عنہم ના મિશનનો સંદેશ ઘર ઘર પહોંચાડનારી તેહરીક છે.

અગર તમો પોતાની તથા તમારી ઔલાદની ભલાઈ ચાહતા હોઉ, ચાહતા હોઉ કે બેહયાઈનો માહોલ દૂર થાય અને સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નતો ભર્યો દીની શરીઅત મુજબનો પાકીઝા માહોલ પેદા થાય, તો આવો ! **"સુન્ની દા'વતે ઈસ્લામી"**માં જોડાઈ જાવ ! આપને ત્યાં **"સુન્ની દા'વતે ઈસ્લામી"**ની શાખા સ્થાપો અને નિખાલસતાપૂર્વક અહલે સુન્નત વ જમાઅતના, મસ્લકે આ'લા હઝરતના કામમાં લાગી જાવ.

**સંપર્ક કરો**

રજી નં. GRWB/056/Bharuch/02

**મદ્રસા બરકાતે ખ્વાજા**

મુ.પો. આમોદ,(ઠે. ચાર રસ્તા) તા. : આમોદ, જિ. : ભરૂચ, ગુજરાત, ઈન્ડિયા, પિન : ૩૯૨ ૧૧૦
ફોન નં : (૦૨૬૪૧-૨૪૬૧૯૨, ૨૪૬૨૯૨)

★ (મર્કઝ) સુન્ની દા'વતે ઈસ્લામી ★
ઈસ્માઈલ હબીબ મસ્જિદ, મુહમ્મદ અલી રોડ, મુંબઈ.

અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ !

صلی اللہ تعالیٰ علیہ وسلم

اخلاق الصالحين

એટલે

# અલ્લાહવાળાઓની પેહચાન

લેખક : ખલીફાએ આ'લા હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ શરીફ કોટલવી علیہ الرحمۃ والرضوان

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)

★ પ્રકાશક ★
અંજુમને રઝાએ મુસ્તફા
GRWB/059/Bharuch/02
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,
તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦.
ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

પ્રકાશન નં. : ૧૦૭ આવૃત્તિ–૧ પ્રત : ૩૧૦૦
૧–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૨૪ સપ્ટેમ્બર–૦૩

નૂરાની આર્ટ, દયાદરા, ફોન. (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨



## ☆ અનુક્રમણિકા ☆


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | પ્રથમ દ્રષ્ટિ...... | ૦૩ |
| ૦૨ | અલ્લાહવાળાઓના અખ્લાક | ૦૫ |
| ૦૩ | કુર્આન તથા સુન્નતનું અનુસરણ | ૦૬ |
| ૦૪ | ઈખ્લાસ એટલે નિખાલસતા | ૧૧ |
| ૦૫ | હિકાયત | ૧૮ |
| ૦૬ | અલ્લાહના માટે દોસ્તી<br>અલ્લાહના માટે દુશ્મની | ૨૦ |
| ૦૭ | ઈષાર (ત્યાગવૃત્તિ) | ૨૩ |
| ૦૮ | નિફાકનો ત્યાગ | ૨૫ |
| ૦૯ | હાકિમોના જુલ્મ પર સબ્ર કરવી | ૨૭ |
| ૧૦ | ઓછુ હસવું | ૩૧ |
| ૧૧ | બિરાદરાને તરીક્ત ! વિચારો ! | ૩૪ |
| ૧૨ | પુષ્કળ પ્રમાણમાં ખૌફ | ૩૪ |
| ૧૩ | બંદાઓના હક્કો બાબતે ડરવું | ૩૮ |
| ૧૪ | કિયામતનો ડર | ૪૨ |

بسم الله الرحمن الرحيم

نحمدهٗ ونصلی علی رسوله الکریم

## ☆ પ્રથમ દ્રષ્ટિ...... ☆

આ ફિત્નાથી ભરપુર દૌરમાં અજંપા તથા બેચૈનીનું સામ્રાજય વિ□ભરમાં ફેલાઈ ચૂકયું છે. અને માણસ પોતાની બદ્અમલીઓના કારણે અતિશય તકલીફ તથા પરેશાનીની જંજીરોમાં જકડાઈ ગયેલો છે. આ મુસીબતનું મહાન તથા વાસ્તવિક કારણ ખુદાના ખૌફની ઉણપ તથા રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પયરવીથી વિમુખતા છે. હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની પયરવીથી વિમુખતા છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પછી નબી તો કોઈ પેદા નથી થઈ શકતો, હા ! ઔલિયાએ કિરામનો ક્રમ ચાલુ છે. હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઉમ્મતમાં એવા એવા નુફૂસે કુદ્સિયહ્ પેદા થયા જેમનું વજૂદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સંપૂર્ણ પયરવીના કારણે આપણા જેવા બદ્અમલીવાળાઓ માટે દીવાદાંડી સમાન છે. આ અલ્લાહવાળાઓના અખ્લાક અને તેમના જીવન ચરિત્રને વાંચવું, વંચાવવું, સાંભળવું તથા સંભળાવવું અને તેને અપનાવવું મુસલમાનોના દીન તથા દુનિયાને સમારવા માટેનો એક કામયાબ ઈલાજ છે. એ અલ્લાહવાળાઓએ પોતાની જિંદગીઓ કયા રંગમાં ગુજારી ? તેમના દિવસો તથા રાતો કઈ રીતે પસાર થતી રહી ? તેમની એક એક પળ કઈ રીતે પસાર થતી રહી ? એ વાતોનો જવાબ દિલના કાનો વડે સાંભળવામાં આવે અને પછી તેને પોતાના અમલોનો દસ્તૂર બનાવી લેવામાં આવે તો યકીનન ! આપણી સર્વ





પરેશાનીઓ દૂર થઈ શકે છે, અને રંજ તથા મુસીબતોમાં ઘેરાયેલી દુનિયા વાસ્તવિક ખુશીઓ સાથે ફરીથી ભેટી શકે છે.

''અલ્લાહના હક્કો'' તેમજ ''બંદાઓના હક્કો'' એવી બે ચીજો છે જેનો ખયાલ રાખવો માણસ માટે અનિવાર્ય છે અને એમાંથી કોઈની સાથે પણ ગફલત વર્તવી દીન તથા દુનિયાના નુકસાનનો સબબ છે. પણ અફસોસ ! કે આજે અલ્લાહના હક્કો તથા બંદાઓના હક્કો સાથે ગફલત વર્તવામાં આવે છે જેનું ભયાનક પરિણામ સૌ સમક્ષ જ છે કે અમ્ન તથા ચૈન ઉઠી ગયો છે અને અશાંતિ તથા બેચૈની ફેલાયેલી છે. ઔલિયાએ કિરામ علیہم الرحمہ અલ્લાહના હક્કો તથા બંદાઓના હક્કોની અદાયગીમાં સતત સક્રિય રહેતા હતા અને તેમની મુબારક જિંદગીઓમાં એક પળ પણ એવી નથી જોવા મળતી જે એમણે ગફલતમાં પસાર કર્યો હોય.

વાલિદે મોહતરમ ફકીહે આ'ઝમ علیہ الرحمۃ والرضوان એ આ વિષય પર પણ કલમ ઉઠાવી અને એ અલ્લાહવાળાઓના અખ્લાક તથા તેમની મુબારક હાલતોને સંક્ષિપ્તરૂપે એકત્ર કરીને મુસલમાનોના માટે એક બેહતરીન રૂહાની તોહફો તૈયાર કરી આપ્યો છે. હું આજે એ રૂહાની તોહફાને પ્રસિદ્ધ કરીને મુસલમાનોની સેવામાં રજુ કરું છું અને દરખાસ્ત કરું છું કે એને વારંવાર વાંચો તથા વંચાવો, સાંભળો તથા સંભળાવો, તમારાં બાળકોને પણ સમજાવો અને એ મુબારક અખ્લાકોને અપનાવો.

ખુદા તઆલા મને તેમજ તમોને એ અલ્લાહવાળાઓના નક્શે કદમ પર ચાલવાની તૌફીક અતા ફર્માવે. *(આમીન)*

**–અબૂન્નૂર મુહમ્મદ બશીર**

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نحمدهٗ ونصلی علی رسوله الكريم

## ★ અલ્લાહવાળાઓના અખ્લાક ★

વર્તમાનકાળમાં જ્યારે કે અધર્મતા તથા બેદીની દિવસે દિવસે પ્રગતિ કરી રહી છે, કુફ્ર તથા અધર્મતાનું જોર છે, સાચા મુસલમાન જેઓ સલફે સાલિહીન (પૂર્વજ બુઝુર્ગો)ના અનુસરણમાં હોય તેવા લોકો જુઝ અંશે જોવા મળે છે. દિલના આંધળાઓએ ઈસ્લામને બાળકોનો ખેલ બનાવી રાખ્યો છે. પોત પોતાના ખયાલ વડે ઈસ્લામને કોઈક કાંઈ સમજી રાખ્યો છે તો કોઈએ કાંઈ ! કોઈ તો કેવળ હમદર્દીને ઈસ્લામ સમજે છે તો કોઈ બેદીનો સાથે મેળ મેળાપની રીતે રહેવામાં એકતા તથા એને ઈસ્લામનો હેતુ સમજીને દીનના આલિમો તથા મિલ્લતના મશાઈખ પર ભાગલા પાડવાનો આક્ષેપ લગાડે છે. કોઈ દાઢી મુંડાવવા તથા અંગ્રેજી ટોપી (હેટ) પહેરવામાં ઈસ્લામની પ્રગતિ સમજે છે, કોઈ સ્ત્રીઓની બેપર્દગીમાં પોતાની ઉચ્ચતા સમજે છે. સારાંશ કે ધર્મને દુનિયામાંથી નષ્ટ કરવા માટે ભરપુર કોશિશમાં લાગેલા છે. મેં **અદ્દીનુન્નસીહહ્**ના હુકમ પ્રમાણે મારા દીની ભાઈઓની હિદાયતના માટે ઈરાદો કર્યો કે સાલેહીન (નેક લોકો, અલ્લાહવાળાઓ)ની કાર્યપધ્ધતિ, તેમનો તરીકો, તેમના અખ્લાક લખું જેથી સાચા મુસલમાનોનો તરીકો નજરો સમક્ષ રહે અને આપણે કોશિશ કરીએ કે અલ્લાહ તઆલા એ દીનના બુઝુર્ગોના ડગલે ડગલે ચાલવાની તૌફીક આપે, અને આપણી આદતો, આપણા અખ્લાક, આપણા સંસ્કાર પણ એવા જ બને જેવા એમના હતા. અને જે વ્યક્તિને આપણે એનાથી વિરૂધ્ધ





જોઈએ તે ગમે તેવો મુકર્રિર (પ્રવચનકર્તા), ગમે તેવો લીડર હોય તેની સોહબતને આપણે કાતિલ જાણીએ. **વમા તૌફીકી ઈલ્લા બિલ્લાહ તવક્કલતુ વ ઈલૈહિ ઉનીબ.**

## ★ કુર્આન તથા સુન્નતનું અનુસરણ ★

સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની એ મુબારક આદત હતી કે તેઓ દરેક બાબતમાં કુર્આન તથા સુન્નતનું અનુસરણ કર્યા કરતા હતા અને તેના વિરૂધ્ધ વર્તવાને અધર્મતા તથા બેદીની સમજતા હતા. જેમ કે ઈમામ શઅરાની علیہ الرحمۃ والرضوان 'તમ્બીહુલ મુગ્તરીન'માં **સૈયદુત્તાઈફા જુનૈદ બગદાદી** رحمۃ اللہ علیہ થી નકલ કરે છે કે આપ ફર્માવે છે :–

''આપણી કિતાબ કુર્આન શરીફ સર્વ કિતાબોની સરદાર તથા સમૃદ્ધ છે અને આપણી શરીઅત સર્વ શરીઅતોથી સ્પષ્ટ તથા અતિ બારીક છે. અને તસવ્વુફવાળાઓ (સૂફીઓ)નો માર્ગ કુર્આન તથા સુન્નત (હદીષ) સાથે મજબૂત રીતે જોડવામાં આવેલ છે. **જે શખ્સ કુર્આન તથા સુન્નત ન જાણતો હોય, ન તેના અર્થો સમજતો હોય તેને અનુસરવું સહીહ નથી. એટલે કે તેને પોતાનો પેશ્વા (રહબર) બનાવવો જાઈઝ નથી.**

અને આપ પોતાના સાથીઓને ફર્માવ્યા કરતા હતા કે, ''જો તમે કોઈ માણસને હવામાં પલાઠી મારીને બેઠેલો જુઓ તો તેનું અનુસરણ ન કરો જ્યાં સુધી કે હરામ તથા હલાલમાં તેની તપાસ ન કરી લો. જો તેને જુઓ કે તે અમરે ઈલાહી (ખુદાના જે કામ કરવાના હુકમો) પર અમલ કરે છે અને નવાહી (જેનાથી મના કરી તે કામો)થી દૂર રહે છે, તો તેને સાચો જાણો અને તેનું અનુસરણ કરો **અને જો એવું નથી તો તેનાથી દૂર થઈ જાવ !''**

**ઈમામ શઅરાની** رضی اللہ عنہ ફર્માવે છે કે એવો માણસ મારી પાસે આવ્યો જેની સાથે તેના ચાહકોની એક ટોળી હતી. તે શખ્સ ઈલ્મ વિનાનો હતો. તેને ફના તથા બકામાં કોઈ ઝૌક હાંસલ ન હતો. તે મારી પાસે

થોડા દિવસ રોકાયો. મેં તેને એક દિવસ પૂછયું કે વુઝૂ તથા નમાઝની શરતો કઈ છે તે બતાવો ? તે કહેવા લાગ્યો, મેં ઈલ્મ હાંસલ કર્યો નથી ! મેં કહ્યું, ભાઈ ! કુર્આન તથા સુન્નતના જાહેરી ઈલ્મ પર જ ઈબાદતો સહીહ થવાનો આધાર છે. **જે વ્યક્તિ વાજિબ તથા મુસ્તહબ, હરામ તથા મકરૂહમાં ફરક નથી જાણતો તે તો જાહિલ છે અને જાહિલનું અનુસરણ ન જાહેરમાં દુરુસ્ત છે ન બાતિનમાં.** તેણે એનો કોઈ જવાબ ન આપ્યો અને ચાલ્યો ગયો. અલ્લાહે મને તેની ખરાબીથી બચાવી લીધો.

જાણવા મળ્યું કે **જે લોકો તસવ્વુફ (સૂફીપણા)ને કુર્આન તથા સુન્નતની વિરૂદ્ધ સમજે છે તેઓ ભારે ભૂલમાં પડેલા છે !** બલ્કે તસવ્વુફમાં કુર્આન તથા સુન્નત (હદીષ)નું અનુસરણ અતિશય જરૂરી ચીજ છે, કેમ કે કૌમની બોલીમાં **સૂફી તે જ વ્યક્તિ છે જે આલિમ થઈને ઈખ્લાસની સાથે પોતાના ઈલ્મ પર અમલ કરે.** હા ! મશાઈખ હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین પોતાના મુરીદોને મુજાહિદાઓ તથા રિયાઝતો (ખૂબ ઈબાદતો) કરવાની હિદાયત કરે છે જે અયન શરીઅતનું અનુસરણ છે. મુતકદ્દેમીનમાં એવા લોકો પણ હતા કે જ્યારે કોઈ બાબતે તેમને શરીઅતની કિતાબોમાં કોઈ દલીલ ન મળતી હતી તો તેઓ જનાબ રસૂલે મકબૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુકદ્દસ જનાબમાં પોતાના દિલો વડે ધ્યાનિત થતા અને બારગાહે આલિયહ્‌માં પહોંચીને તે મસ્અલાને પૂછી લીધા કરતા હતા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદ પર અમલ કર્યા કરતા હતા. ઈમામ શઅરાની ફર્માવે છે કે, આ વાત મહાન બુઝુર્ગોના માટે ખાસ છે.

**ફુઝૈલ ઈબ્ને અયાઝ** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, **"હિદાયતનો માર્ગ અપનાવો ! તેના પર ચાલનાર ભલે ને થોડા હોય તો પણ નુકસાનકારક નથી. અને ગુમરાહીના માર્ગોથી બચો ! ભલે ગુમરાહી પર ચાલનારા ઘણા હોય તો પણ લાભકારક નથી."**

**અબૂ યઝીદ બુસ્તામી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, જો તમે જુઓ





કે એક શખ્સને એટલે સુધી કરામત આપવામાં આવી છે કે તે હવા પર પલાઠી મારીને બેસે, તો તેનાથી છેતરાશો નહીં કે તે અલ્લાહના આપેલા હુકમો પાળવામાં તથા મના કરેલાથી દૂર રહેવામાં તથા હદોની હિફાઝતમાં, શરીઅતની પાંબદીમાં કેવો છે ? (એટલે કે શરીઅતનો પાબંદ નથી તો તેનાથી દૂર રહેજો !)

સૈયદુત્તાઈફા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "સર્વ માર્ગો બંધ છે પણ જે શખ્સ રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નુ અનુસરણ કરે. અને ફર્માવ્યું કે જે વ્યક્તિએ કુર્આન યાદ ન કર્યું હોય અને ન હદીષ લખી હોય તેનું અનુસરણ એ બાબતમાં નહીં કરવામાં આવે, કેમ કે આપણો ઈલ્મ કુર્આન તથા હદીષ સાથે સંકળાયેલ છે. અબૂ સઈદ ખિરાઝ علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે, **"જે બાતિન જાહેરી શરીઅતની વિરૂધ્ધ હોય તે બાતિલ છે."** *(નુઝહતુન્નાઝેરીન)*

**સર્રી સકતી** رحمۃ اللہ علیہ ફર્માવે છે, "**સૂફી** તે વ્યક્તિ છે જેની મઅરેફતનું નૂર તેની પરહેઝગારીના નૂરને ન બુઝાવે." એટલે જે કરવાના હુકમો છે (અવામિર) તેના પર તેનો અમલ હોય અને જે ન કરવાના હુકમો છે (નવાહી)થી તે બચતો હોય. અને બાતિનની કોઈ એવી વાત ન કરે જેને જાહેર કુર્આન રદિયો આપતુ હોય. અને કરામત તેને અલ્લાહની હુર્મતવાળી ચીજો બેઈજ્જતી માટે ઉત્તેજીત ન કરે. **સારાંશ કે તે શરીઅતનો સાચો પાકો તાબેદાર હોય (તેનું નામ સૂફી !).**

એક વ્યક્તિ જેની મુલાકાત માટે દૂર દૂરથી લોકો આવતા હતા તે ઘણો જ મશહૂર ઝાહિદ હતો. તેની ખ્યાતિના સમાચાર સાંભળીને હઝરત અબૂ યઝીદ બુસ્તામી علیہ الرحمۃ والرضوان એ પોતાના અમુક મુરીદોને ફર્માવ્યું કે આવો ! આપણે તે વ્યક્તિને જોઈએ જેણે પોતે પોતાને **વલી** મશહૂર કરી રાખેલ છે ! જ્યારે આપ તેની નજીક ગયા અને તે ઘરથી બહાર નીકળ્યો અને મસ્જિદમાં દાખલ થયો તો તેણે કિબ્લા શરીફ તરફ મોઢું કરી થૂંકી દીધું. તો હઝરત અબૂ યઝીદ બુસ્તામી علیہ الرحمۃ والرضوان તેનું આ વર્તન જોઈને મુલાકાત કર્યા વિના પાછા ચાલ્યા આવ્યા અને

તેને સલામ પણ ન કરી, અને ફર્માવ્યું : આ શખ્સ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નિયમોમાંથી એક નિયમનો પણ અમીન નથી તો વિલાયત જેનો એ દા'વો કરે છે તેનો અમીન કઈ રીતે હોય શકે છે !

આ પરથી જાણવા મળે છે કે મશાઈખે કિરામ હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین કેટલા અંશે શરીઅતના પાબંદ હતા ! મિશ્કાત શરીફમાં છે કે રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક શખ્સને જોયો કે તે કિબ્લા તરફ મોઢું કરીને થૂંક્યો છે તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે, આ તમારી જમાઅત ન કરાવે ! તેણે પછી જમાઅત કરાવવાનો ઈરાદો કર્યો તો લોકોએ તેને મના કરી દીધું અને તેને ખબર આપી કે રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તમારી પાછળ નમાઝ પઢવાથી મના કર્યું છે. પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આ બનાવ રજુ થયો તો આપે ફર્માવ્યું, હા ! (મેં મના કર્યું છે કેમ કે) તેં કિબ્લા તરફ થૂંકીને અલ્લાહ અને તેના રસૂલને ઈજા પહોંચાડી છે. *(અબૂ દાઊદ)*

આટલેથી સમજી લેવું જોઈએ કે દીનમાં અદબની કેટલા અંશે જરૂરત છે. અને સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કિબ્લા શરીફની બેદઅબી કરવાના કારણે ફર્માવ્યું કે, "આ વ્યક્તિ નમાઝ ન પઢાવે !" તો જે વ્યક્તિ માથાથી પગો સુધી બેઅદબ હોય, સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગુસ્તાખ હોય, દીનના ઈમામોની ગુસ્તાખી કરતો હોય, મશાઈખ હઝરાતની જાત જાતની મજાકો કરતો હોય, શું એવી વ્યક્તિ ઈમામ બનવાનો શરીઅતની રૂએ હક્ક ધરાવે છે ? હરગિઝ નહીં !

**અબૂ સુલૈમાની દારાની** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે કેટલીકવાર મારા દિલમાં કોઈ નુકતો નુકતાઓમાંથી જાહેર થાય છે તો હું તેને કબૂલ નથી કરતો જ્યાં સુધી કુર્આન તથા હદીષ બે શાહિદ (સાક્ષી) એની સાબિતીમાં ન હોય.

**ઝુન્નૂન મિસ્રી** علیہ رحمۃ اللہ الرضوان ફર્માવે છે કે અલ્લાહ તઆલાની મહોબ્બતની નિશાનીઓમાંથી છે કે જનાબ રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અખ્લાક તથા અમલો અને કાર્યો તથા સુન્નતનોનું અનુસરણ કરવામાં આવે.





**બિશ્ર હાફી** علیہ رحمۃ اللہ الرضوان ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખ્વાબમાં ઝિયારત કરી. આપે ફર્માવ્યું, હે બિશ્ર ! તું જાણે છે કે અલ્લાહ તઆલાએ મારા સમકાલિનોમાં તને કેમ બુઝુર્ગી આપી ? મેં અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું નથી જાણતો. આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, મારી સુન્નતના અનુસરણ કારણે અને નેક લોકોની ખિદમત અને મુસલમાન ભાઈઓને નસીહત કરવાના સબબે અને મારા સહાબા તથા અહલે બયતની મહોબ્બતના સબબે અલ્લાહ તઆલાએ તને પાક લોકોના મર્તબાએ પહોંચાડયો.

હવે વિચારવું જોઈએ કે આ લોકો **તરીકતના આલિમો** તથા **કૌમના મશાઈખ (શયખો જે ઉપર વર્ણવ્યા તેઓ)** તથા હકીકતના બુઝુર્ગો એ તમામે તમામ શરીઅતે મુહમ્મદીની તા'ઝીમ કરે છે અને પોતાના બાતિની ઈલ્મોને મિલ્લતે હન્ફીયા તથા સીરતે મુહમ્મદિયહ્‌ના તાબે રાખવાને અનિવાર્ય સમજે છે ! તો હવે તે **જાહિલ કૌમ જે શરીઅતની તદ્દન પાબંદી નથી કરતી,** નમાઝ રોઝાની ઠેકડી ઉડાડે છે, દાઢીઓ સફાચટ કરીને રાત દિવસ ભાંગ અને ચરસ પીએ છે અને પોતે પોતાને ખુદા સુધી પહોંચેલા સમજે છે ! અને કહે છે કે શરીઅતની અને ફકીરની હમેશાથી અણબનત ચાલી આવી છે ! અને કહે છે કે જાહેરી ઈલ્મને ત્યજવાથી અલ્લાહની મુલાકાત હાંસલ થાય છે, વગેરે. (ઝાલિક મિનલ ખુરાફત) **એવા લોકો કદાપિ વિલાયતના દરજ્જે નથી પહોંચી શકતા, એવા લોકોની સોહબતથી બચવું જરૂરી છે.** મૌલાના રૂમ علیہ رحمۃ اللہ الرضوان એ એવા લોકોના બારામાં ફર્માવ્યું કે :–

**(ભાવાર્થ)** : ઘણીવાર શૈતાન આદમીના વેશમાં આવતો હોય છે માટે ગમે તેના હાથમાં હાથ આપી દેશો નહીં."

અને એ પણ જાણવા મળ્યું કે **અલ્લાહવાળાઓનો માર્ગ શરીઅત મુજબનો છે** અને જે લોકો શરીઅતના પૂરે પૂરા તાબેદાર છે તે જ અલ્લાહના ઔલિયા તથા મકબૂલ છે અને તરીકત તે જ શરીઅતનું નામ છે. પરંતુ યાદ રાખશો કે ઔલિયાએ કિરામ તથા મશાઈખે એઝામ

જે કિતાબ તથા સુન્નતનું અનુસરણ કરતા હતા તો મુજતહિદના વસીલાથી કરતા હતા, કોઈ એમનામાંથી મુજતહિદ ન હતો, ગૈર મુકલ્લિદ ન હતો. જેમ કે દુર્રે મુખ્તારમાં લખ્યું છે કે ઈબ્રાહીમ અદ્હમ, શફીક બલ્ખી, મઅરૂફ કર્ખી, અબૂ યઝીદ બુસ્તામી, ફુઝૈલ ઈબ્ને અયાઝ, દાઊદ તાઈ, અબૂ હામિલ ખલફ ઈબ્ને ઐયૂબ, અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક, વકીઅ ઈબ્ને જર્રાહ તથા અબૂબક્ર વગેરે رضوان الله تعالى عليهم اجمعين ઘણા ઔલિયાએ કિરામ હઝરત ઈમામે આ'ઝમ عليه الرحمة والرضوان ના મઝહબ પર હતા.

## ★ ઈખ્લાસ એટલે નિખાલસતા ★

સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની મુબારક આદતોમાં ઈખ્લાસ હતો. તેઓ દરેક કાર્યમાં ઈખ્લાસને નજરો સમક્ષ રાખતા હતા. અને રિયા (દેખાડા)નો અણસાર પણ તેમનાં દિલોમાં પેદા થતો ન હતો. તેઓ જાણતા હતા કે કોઈ અમલ ઈખ્લાસ વિના કબૂલ થવાને પાત્ર નથી. તેઓ લોકોમાં ઝાહિદ, આબિદ સારો સમજશે કે બુરો ! તેમનો મકસદ કેવળ અલ્લાહની રઝામંદીનો રહેતો હતો. આખુ વિ□ તેમની દ્રષ્ટિમાં તુચ્છ હતું. તેઓ જાણતા હતા કે **ઈખ્લાસની સાથે થોડો અમલ પણ પૂરતો હોય છે પણ ઈખ્લાસ વિના રાત દહાડો ઈબાદત કરતો રહે તો પણ કાંઈ કામની નથી.**

રસૂલુલ્લાહ صلى الله تعالى عليه وسلم એ હઝરત મઆઝ رضى الله عنه ને જયારે યમન મોકલ્યા તો ફર્માવ્યું, "તારા દીનમાં ઈખ્લાસ કર ! તને થોડો અમલ પણ પૂરતો થઈ પડશે." *(હાકિમ)*

હઝરત અલી كرم الله تعالى وجهه الكريم નો પ્રસંગ વાંચકોથી છુપો નથી કે એક લડાઈમાં એક કાફિર પર આપે કાબૂ મેળવી લીધો. એવામાં તેણે આપના મોઢા મુબારક પર થૂંકી દીધું તો આપે તેને છોડી દીધો. તે આશ્ચર્યમાં ડૂબી ગયો કે શું વાત છે ? તેમને ગુસ્સો આવવો જોઈએ અને મને કત્લ કરી દેવો જોઈએ તેના બદલે મને છોડી મૂક્યો ! આશ્ચર્યમાં





પડીને પૂછયું તો આપે કહ્યું, "મેં કેવળ અલ્લાહના રાજીપાના માટે તલ્વાર પકડી છે, હું ખુદાનો શેર છું. મારી ઈચ્છાનો શેર નથી ! તું મારા મોઢા પર થૂંક્યો એટલા માટે હવે લડાઈમાં મારા નફસની દખલ થઈ ગઈ અને ઈખ્લાસ જતો રહ્યો એટલા માટે મેં તને છોડી મૂક્યો છે કે મારું કામ ઈખ્લાસથી ખાલી ન રહે. જયારે એ લડાઈમાં એક સબબ પેદા થઈ ગયો જે ઈખ્લાસની વિરૂધ્ધ હતો તો મેં તલ્વારને રોકવાનું જ મુનાસીબ સમજયું. તે કાફિર હઝરતનો આ જવાબ સાંભળીને મુસલમાન થઈ ગયો. એના પર મૌલાના રૂમી ફર્માવે છે :–

**(અર્થ)** : "તે કાફિરે કેવો મુબારક ગુનો કર્યો ! એટલે તે થૂંક્યો તે એના હકમાં કેટલું મુબારક બની ગયું કે તેને ઈસ્લામ નસીબ થઈ ગયો. એના પર મૌલાના રૂમ દ્રષ્ટાંત આપે છે કે જેવી રીતે કાંટાએથી લાલ ગુલાબની પત્તીઓ નીકળે છે એવી રીતે તેના ગુનાહથી તેને ઈસ્લામ હાંસલ થઈ ગયો.

વહબ ઈબ્ને મુનબ્બિહ્ رحمة الله عليه ફર્માવે છે કે, **"જે શખ્સ આખેરતના અમલની સાથે દુનિયા તલબ કરે તેના દિલને અલ્લાહ તઆલા ઊલ્ટુ કરી આપે છે અને તેનું નામ દોઝખીઓના દફતરમાં લખી નાખે છે."** વહબ ઈબ્ને મુનબ્બિહ્ رحمة الله عليه નું કથન આ આયતથી લેવામાં આવ્યું છે જેમાં હક્ક તઆલા ફર્માવે છે કે :–

من كان يريد حرث الدنيا نوته منها
و ماله فى الا خرة من نصيب

"જે શખ્સ (પોતાના નેક અમલ થકી) દુનિયા ચાહે છે અમે દુનિયાથી એટલું જેટલું તેના માટે નિશ્ચિત છે આપી દઈએ છીએ અને આખેરતમાં એના માટે કોઈ હિસ્સો નથી."

કેટલાક બુઝુર્ગાને દીનથી નકલ થયેલ છે કે તેઓ એટલે સુધી ઈખ્લાસની કોશિશ કરતા હતા કે, તે હમેશાં પ્રથમ સફમાં જમાઅતમાં શરીક થતા. એક દિવસે સંજોગોવસાત છેલ્લી સફમાં ઊભા રહ્યા અને

દિલમાં ખયાલ આવ્યો કે આજે લોકો મને છેલ્લી સફમાં જોઈને શું કહેશે ?! આ ખયાલના કારણે લોકોથી શરમાઈ ગયા. એટલે કે એવો ખયાલ આવ્યો કે પાછલી સફમાં લોકો જોઈને કહેશે કે આજે આને શું થઈ ગયું છે કે પ્રથમ સફમાં ન આવી શકયો ! આ ખયાલ આવતાં જ એવું સમજ્યા કે મેં જેટલી નમાઝો પ્રથમ સફમાં પઢી છે એમાં લોકોના માટે દેખાડો કરવાનો હેતુ હતો જેથી ત્રીસ (૩૦) વરસની નમાઝો કઝા કરી !

**મઅરૂફ કર્ખી** علیہ الرحمۃ والرضوان ફર્માવતા હતા કે, **"હે નફ્સ ! ઈખ્લાસ કર ! કે જેથી તું ખલાસી (છૂટકારો) પામે."** આપે એ પણ ફર્માવ્યું, "મુખ્લિસ તે છે જે પોતાની નેકીઓને પણ એ જ રીતે છુપાવે જે રીતે કે પોતાની બુરાઈઓને છુપાવે છે."

**સુફ્યાન સૌરી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મને મારી વાલિદાએ કહ્યું, હે મારા પુત્ર ! ઈલ્મ પર જો અમલની નિય્યત હોય તો પઢો, નહીં તો તે ઈલ્મ કિયામતના દિવસે તારા માટે વબાલ બનશે."

**હઝરત હસન બસરી** علیہ الرحمۃ والرضوان હમેશાં પોતાના નફ્સને સંબોધીને કહ્યા કરતા હતા કે, "હે નફ્સ ! તું વાતો તો એવી કરે છે જાણે ઘણો મોટો કોઈ નેક, આબિદ, ઝાહિદ છે પરંતુ તારાં કામો રિયાકાર, ફાસિકો, મુનાફિકોનાં છે ! ખુદાની કસમ ! મુખ્લિસ લોકોનાં આ ગુણો નથી કે તેમનામાં વાતો હોય પણ અમલ ન હોય."

વિચારો કે ઈમામ હસન બસરી علیہ الرحمۃ والرضوان તે વ્યક્તિ છે જેમણે ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہا નું દૂધ પીધું, હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી ખિલાફતનો ખિર્કો પહેર્યો, ચિશ્તી, કાદરી, સુહરવર્દી સિલસિલાના શયખ થયા, છતાં નફ્સને હમેશાં આવી રીતે ધમકાવતા રહેતા હતા કે જેથી તેમાં રિયા (બાહ્ય આડંબર) પેદા ન થાય. અને એક આપણે પણ છીએ નેકનામને બદનામ કરનારા કે આપણે આપણી રિયાકારીઓને અયન ઈખ્લાસ સમજીએ છીએ !

**ઝુન્નૂન મિસ્રી** علیہ الرحمۃ والرضوان ને પૂછવામાં આવ્યું કે માણસ





મુખ્લિસ ક્યારે હોય છે ? ફર્માવ્યું, **"જ્યારે અલ્લાહની ઈબાદતમાં ખૂબ કોશિશ કરે અને એની ખ્વાહિશ એ હોય કે લોકો મારી ઈજ્જત ન કરે, અને જે ઈજ્જત લોકોના દિલમાં છે તે પણ જતી રહે."**

**યહ્યા ઈબ્ને મઆઝ** علیہ الرحمۃ والرضوان ને પ્રશ્ન કરવામાં આવ્યો કે, માણસ ક્યારે મુખ્લિસ હોય છે ? ફર્માવ્યું, જ્યારે દૂધ પીતા બાળક જેવી તેની આદત હોય કે દૂધ પીતા બાળકની કોઈ પ્રશંસા કરે તો તેને ખુશી નથી થતી અને બુરાઈ કરે તો તેને ખોટુ નથી લાગતું ! જેવી રીતે તે પોતાનાં વખાણ કે ટીકાથી બેપરવા હોય છે એ જ પ્રમાણે માણસ **જ્યારે પ્રશંસા તથા ટીકાઓની પરવા ન કરે તો મુખ્લિસ** કહેવામાં આવશે.

**અબૂ સાઈબ** رحمۃ اللہ علیہ એટલે સુધી ઈખ્લાસનો ખયાલ રાખતા હતા કે જો કુર્આન તથા હદીષના સાંભળવાથી તેમને રિક્કત તારી (શરીરમાં ધ્રુજારી પેદા) થઈ જતી અને આંખો અશ્રુથી ભરાઈ જતી તો આપ તુરત રૂદનને સ્મિત તરફ ફેરવી દેતા એટલે કે હસી પડતા, અને ડરતા કે રડવામાં રિયા ન થઈ જાય. આજે આપણે અમસ્તા જ વઅઝમાં, તકરીરમાં રડમશ ચેહરો બનાવીએ છીએ કે લોકો સમજે કે આ હઝરત ઘણા જ નરમ દિલ તથા ખૌફે ખુદાવાળા છે.

**અબૂ અબ્દુલ્લાહ ઈન્તાકી** علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે,"કિયામતના દિવસે રિયાકારને હુકમ થશે કે જે શખ્સને દેખાડવાના માટે તેં અમલ કર્યો તેનો બદલો તેનાથી માંગ !"

**હસન બસરી** علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે, "જે શખ્સ મજલિસોમાં પોતાના નફ્સની બુરાઈ કરે તો જાણે તેણે પ્રશંસા કરી અને આ રિયાની નિશાનીઓમાંથી છે." આ પરથી તે વાઈઝો તથા પ્રવચનકર્તાઓએ ઈબ્રત હાંસલ કરવી જોઈએ કે જેઓ સ્ટેજ પર ઊભા રહી પોતાની બુરાઈ કરે છે કે આ હઝરાતની સામે શું હિંમત કે બોલું ! હું એમની સામે તુચ્છ છું ! આ છું ! તે છું ! આ બુરાઈ નથી પણ હકીકતમાં

પોતાની તારીફ છે. બુઝુર્ગોને દીન એને પણ રિયામાં ગણતા હતા.

**ઈબ્રાહીમ ઈબ્ને અદ્હમ** علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે, કોઈ ભાઈને તેના નફ્લી રોઝાના વિશે ન પૂછો કે તારે રોઝો છે કે નહીં, કેમ કે તેણે કહી દીધું કે હું રોઝાદાર છું તો તેનું દિલ ખુશ થશે અને વિચારશે કે મારી ઈબાદતની એને ખબર થઈ ગઈ ! જો તે બોલ્યો કે મારે રોઝો નથી તો તે ગમગીન થશે અને શરમ અનુભવશે કે મારે રોઝો નથી અને આ માણસને મારા વિશે જે સારો ભરમ હશે તે જતો રહેશે. આ ખુશી તથા ગમી બંનેવ રિયાની જ નિશાની છે અને એમાં તે સવાલ કરનારની બદનામી છે કે કેવળ તમારા પૂછવાના સબબે તે રિયામાં સપડાયો.

**હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક** علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે એક વ્યક્તિ કા'બાનો તવાફ કરે છે અને તે ખુરાસાનના લોકો માટે રિયા કરે છે. લોકોએ આપને પૂછયું કે એવું કઈ રીતે થઈ શકે છે ? તો આપે ફર્માવ્યું કે તે તવાફ કરનાર એવું ચાહે છે કે ખુરાસાનવાસીઓ મને જુએ અને એવો ખયાલ કરે કે આ માણસ મક્કા શરીફનો મુજાવર છે અને દરેક વખતે તવાફ તથા સઈમાં રહે છે, ઘણો સારો છે. જ્યારે એણે આવો ખયાલ કર્યો તો તે તવાફમાં ઈખ્લાસ જતો રહ્યો.

**ફુઝૈલ ઈબ્ને અયાઝ** علیہ الرحمۃ والرضوان ફર્માવે છે, "અમે એવા લોકોને જોયા જેઓ અમલ કરતા હતા અને એમાં રિયા (બાહ્ય આડંબર) રહેતો હતો. પરંતુ આજે એવી હાલત થઈ ગઈ છે કે લોકો રિયા કરે છે પરંતુ અમલ નથી કરતા. એટલે કે કરતાં કાંઈ જ નથી કેવળ રિયા જ રિયા છે. **હઝરત ઈબ્રાહીમ અદ્હમ** رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે જે વ્યક્તિ એ વસ્તુની મહોબ્બત રાખશે કે લોકો મારી સારી વાતો કરે, તેણે ન ઈખ્લાસ કર્યો ન તકવો. અકરમા رضی اللہ عنہ ફર્માવે છે કે, "નેક નિય્યતો ખૂબ જ પ્રમાણમાં કર્યા કરો કે નેક નિય્યતોમાં રિયાને અવકાશ નથી."

**અબૂ દાઊદ તપાસી** رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે આલિમ માટે જરૂરી છે કે જ્યારે કોઈ કિતાબ લખે તો તેની નિય્યતમાં દીનની મદદનો (પ્રચારનો) ઈરાદો હોય, એ ઈરાદો ન હોય કે ઉમદા કિતાબ





લખવાના સબબે લોકો મને સારો સમજે. જો એવો ઈરાદો કરશે તો ઈખ્લાસ જતો રહશે.

**અમીરુલ મો'મિનીન અલી** کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે **રિયાકારીની ત્રણ નિશાનીઓ છે** : જ્યારે એકલો હોય તો ઈબાદતમાં સુસ્તી કરે અને નફ્લો બેસીને પઢે, અને જ્યારે લોકોમાં હોય તો સુસ્તી ન કરે બલ્કે અમલ વધારે કરે અને જ્યારે લોકો તેની તારીફ કરે તો ઈબાદત વધારે કરે અને જો લોકો બુરાઈ કરે તો ત્યજી દે.

**સુફયાન સૌરી** رضی اللہ عنہ ફર્માવે છે કે જે અમલ મેં જાહેર કરી દીધો છે હું તેણે ગણત્રીમાં નથી લેતો એટલે કે તેને ન હોવા જેમ સમજું છું, કેમ કે લોકોની સામે ઈખ્લાસ હાંસલ થવો મુશ્કેલ છે.

**ઈબ્રાહીમ તયમી** علیہ الرحمۃ والرضوان એવો લિબાસ પહેરતા હતા કે તેમના ઘરવાળાં સિવાય કોઈ તેમને ઓળખી શકતુ ન હતું કે એ આલિમ છે. અને ફર્માવ્યા કરતા હતા કે મુખ્લિસ તે છે જે પોતાની નેકીઓને એવી છુપાવે જેવી રીતે બુરાઈઓને છુપાવે છે.

**ઈમામ હસન બસરી** علیہ الرحمۃ والرضوان એ તાઊસ علیہ الرحمۃ والرضوان ને જોયા કે હરમ શરીફમાં એક ઘણા જ મોટા ટોળાને હદીષ લખાવી રહ્યા હતા. હઝરત હસન બસરી علیہ الرحمۃ والرضوان એ નજીક જઈને તેમના કાનમાં કહ્યું, જો તારો નફ્સ તને ગર્વમાં નાખે એટલે કે નફ્સને એ વાત ગમતી હોય તો તું આ મજસિલથી ઉઠી જા ! તે જ વખતે તાઊસ علیہ الرحمۃ والرضوان ઉઠી પડયા.

હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદ્હમ علیہ الرحمۃ والرضوان હઝરત બિશ્ર હાફી علیہ الرحمۃ والرضوان ના દર્સના વર્તુળમાં (હલકામાં) તશરીફ લઈ ગયા તો આપના દર્સના વૃંદને જોઈને કહેવા લાગ્યા, જો આ વૃંદ કોઈ સહાબીનું હોત તો મારા નફ્સ પર ગર્વથી બેખૌફ ન થાત. સુફયાન સૌરી علیہ الرحمۃ والرضوان જ્યારે હદીષને લખવા માટે એકલા બેસતા તો ખૂબ જ ડરી ગયેલા અને ગભરાયેલા બેસતા. જો તેમના પરથી વાદળ પસાર થતું તો ચુપ થઈ જતા અને ફર્માવતા કે હું ડરું છું કે આ વાદળમાં પથ્થર

ન હોય જે અમારા પર વરસાવવામાં આવે.

એક શખ્સ હઝરત અઅ્મશ علیہ رحمۃ الرحمٰن ના વૃંદમાં હસ્યો તો આપે તેને ધમકાવ્યો અને ઉઠાડી મૂક્યો અને ફર્માવ્યું કે તું ઈલ્મ તલબ કરતી વેળા હસે છે જે ઈલ્મની તલબ માટે અલ્લાહે તને પાબંદ કર્યો. પછી આપે બે મહીના સુધી તેની સાથે વાત ન કરી.

સુફયાન બી علیہ رحمۃ الرحمٰن ને કહેવામાં આવ્યું કે તમે કેમ અમારી સાથે બેસીને હદીસો વર્ણન નથી કરતા ? ફર્માવ્યું, ખુદાની કસમ ! હું તમને એ વાતને યોગ્ય નથી ગણતો કે તમને હદીષો બયાન કરું અને મારા નફ્સને પણ લાયક નથી જાણતો કે તમે મારા જેવા શખ્સ પાસેથી હદીષ સાંભળો.

ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما જ્યારે કુર્આનની તફસીર બયાન કરવાથી ફારિગ થતા તો ફર્માવ્યા કરતા કે આ મજલિસ ઈસ્તિગફારની સાથે ખત્મ કરો. એટલે કે મજલિસના અંતમાં ખૂબ જ ઈસ્તિગફાર કરતા. ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા કે લોકોને વાસ્તે અમલ કરવો રિયા છે અને લોકોની લીધે અમલ કરવાનું ત્યજી દેવું શિર્ક છે. અને ઈખ્લાસ એ છે કે આ બંનેથી અલ્લાહ તઆલા મેહફૂઝ રાખે. ન લોકોને દેખાડવા માટે અમલ કરે ન લોકોના હોવાને કારણે અમલ છોડે. ઈમામ શઅરાની ફર્માવે છે કે તર્કે અમલી બરાયે મર્દમાન એ છે કે જ્યાં લોકો તારીફ કરવાવાળા હોય ત્યાં અમલ કરે અને જ્યાં ન હોય ત્યાં છોડી દે. હઝરત ઈસા علیہ السلام પોતાના હવ્વારીઓને ફર્માવ્યા કરતા હતા કે જ્યારે તમે રોઝો રાખો તો માથા તથા દાઢીમાં તેલ નાખો અને પોતાની હાલત એવી રાખો કે કોઈ જાણી ન શકે કે આ રોઝાદાર છે.

**અકરમા** رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે, **મેં કોઈ શખ્સ તે શખ્સ કરતાં મૂર્ખ નથી જોયો જે પોતાના નફ્સની બુરાઈને જાણે છે છતાં તે ચાહે છે કે લોકો મને આલિમ તથા સાલેહ સમજે.** એનું દ્રષ્ટાંત એવું છે કે કોઈ શખ્સ કાંટા વાવે છે અને ચાહે છે કે એમાં ખજૂરોનું ફળ લાગે.





અબૂ અમામા رضی اللہ عنہ એ એક શખ્સને જોયો કે તે સિજદામાં રડી રહ્યો છે, આપે ફર્માવ્યું : આ સારું કામ છે જો ઘરમાં થાત અને લોકો ન જોતા.

## ★ હિકાયત ★

ઈમામ ગિઝાલી علیہ رحمۃ الرحمٰن અહયાએ ઉલૂમમાં નકલ કરે છે કે એક આબિદ કે જે લાંબા ગાળાથી અલ્લાહની ઈબાદતમાં મશ્ગૂલ હતો તેને લોકોએ કહ્યું કે અહીં એક કૌમ છે જે એક ઝાડની પૂજા કરે છે. આબિદ આ સાંભળીને ગુસ્સામાં આવી ગયો અને એ ઝાડને કાપવા માટે તૈયાર થઈ ગયો. તેને ઈબ્લીસ એક શયખના રૂપમાં મળ્યો અને પૂછયું કે ક્યાં જાય છે ? આબિદે કહ્યું કે હું તે ઝાડને કાપવા જઈ રહ્યો છું જેની લોકો પૂજા કરે છે. તે કહેવા લાગ્યો કે તું ફકીર માણસ છે તને એવી શું જરૂર ઊભી થઈ કે તું તારી ઈબાદત તથા ઝિક્ર ફિક્રને ત્યજીને આ કામમાં લાગી ગયો ! આબિદ બોલ્યો કે આ પણ મારી ઈબાદત છે. ઈબ્લીસે કહ્યું, હું તને કદી પણ ઝાડ કાપવા દઈશ નહીં ! એ બાબતે બંને વચ્ચે લડાઈ શરૂ થઈ ગઈ. આબિદે શૈતાનને જમીન પર પછાડી કાઢયો અને છાતી પર બેસી ગયો. ઈબ્લીસે કહ્યું કે, મને છોડી દે ! હું તારી સાથે એક વાત કરવા માંગુ છું. તે હટી ગયો તો શૈતાને કહ્યું, અલ્લાહ તઆલાએ તારા પર ઝાડને કાપવાનું ફર્ઝ નથી કર્યું અને તું ખૂદ એની પૂજા નથી કરતો, પછી તારે શી જરૂરત છે કે એમાં દખલ કરે છે ?! શું તું નબી છે ? કે ખુદાએ તને હુકમ આપ્યો છે ? જો ખુદાને આ ઝાડને કાપવાનું મંઝૂર છે તો પોતાના કોઈ નબીને હુકમ આપીને કપાવી નાખશે. આબિદે કહ્યું કે હું તો જરૂર કાપીશ ! પછી એ બંનેમાં લડાઈ શરૂ થઈ ગઈ. અને આબિદ તેના પર સવાર થઈ ગયો અને તેને જમીન પાડી દઈને તેની છાતી પર બેસી ગયો. ઈબ્લીસ આજિઝ આવી ગયો અને તેણે એક અન્ય તદબીર (યુક્તિ) વિચારી, અને કહ્યું કે હું એક એવી વાત બતાવું છે જે મારી અને તારી વચ્ચે ફેંસલો કરનારી હશે અને તે મારા માટે ઘણી બેહતર

તથા લાભદાયી છે. આબિદે કહ્યું કે તે શું છે ? તેણે કહ્યું, મને છોડી દે તો બતાવું ! તેણે છોડી આપ્યો તો ઈબ્લીસે બતાવ્યું કે, તું એક ફકીર માણસ છે અને તારી પાસે કોઈ ચીજ નથી, લોકો તારા ભરણપોષણનો ખયાલ રાખે છે. શું તું નથી ચાહતો કે તારી પાસે માલ હોય જેનાથી તું તારાં કુટુંબીઓનો ખયાલ રાખે અને ખૂદ પણ લોકોથી બેપરવા થઈને જિંદગી પસાર કરે ! તેણે કહ્યું કે હા ! આ વાત તો દિલ ચાહે છે ! તો ઈબ્લીસે કહ્યું કે, આ ઝાડ કાપવાથી રોકાઈ જા, હું દરરોજ દર રાત્રે તારા માથા પાસે બે દીનાર રાખી દઈશ, સવારે ઉઠીને લઈ લીધા કરજે. તારા પોતાના માટે તારા ઘરવાળાઓ માટે તથા અન્ય સગાસંબંધી, પાડોશી પર ખર્ચ કરતો રહેશે. તારા માટે આ કામ ઘણુ જ લાભકારક તથા અન્ય મુસલમાનો માટે ઘણુ લાભદાયી થશે. જો આ ઝાડ તું કાપીશ તો એની જગાએ તેઓ બીજુ ઝાડ લગાડશે, તો એમાં શું ફાયદો થશે ? આબિદે થોડીકવાર વિચાર્યું અને કહ્યું કે, સાચુ છે ! (ઈબ્લીસે) સાચુ કહ્યું ! હું કોઈ નબી નથી કે એને કાપવું મારા પર જરૂરી હોય, અને ન હક્ક સુબ્હાનહૂ તઆલાએ એને કાપવાનો હુકમ કર્યો છે કે હું ન કાપવાથી ગુનેહગાર થાઉં ! અને જે વાતનો આ શયખે ઉલ્લેખ કર્યો છે તે બેશક ! લાભદાયી છે. એમ વિચારીને આબિદે મન્ઝૂર કરી લીધું. અને પૂરો વાયદો કરીને પાછો આવી ગયો. રાત્રે સૂતો અને સવારે ઉઠયો તો બે દીનાર પોતાના સિરહાને જોઈને ઘણો જ ખુશ થયો. એ જ પ્રમાણે બીજા દિવસે પણ બે દીનાર મળી ગયા. પછી ત્રીજા દિવસે કાંઈ ન મળ્યું તો આબિદને ગુસ્સો આવ્યો અને ઝાડને કાપવાના માટે તૈયાર થઈ ગયો. ફરી ઈબ્લીસ એ જ રૂપમાં સામે આવી ગયો અને કહેવા લાગ્યો કે હવે ક્યાંનો ઈરાદો છે ? આબિદે કહ્યું કે ઝાડ કાપીશ ! તેણે કહ્યું કે હું કદાપિ જવા દઈશ નહીં ! એ ઝઘડામાં એ બંને વચ્ચે કુશ્તી થઈ તો ઈબ્લીસે આબિદને પાડી આપ્યો અને છાતી પર બેસી ગયો. અને કહેવા લાગ્યો કે જો આ ઈરાદાથી દૂર થઈ જા તો ઠીક છે, નહીં તો તને કાપી કાઢીશ ! આબિદે કહ્યું કે મારામાં એનો મુકાબલો કરવાની શક્તિ નથી. કહેવા લાગ્યો કે એનું શું કારણ કે કાલે તો મેં તને પછાડી કાઢયો હતો અને આજે તું મારા પર સવાર થઈ





ગયો છે ! શૈતાન બોલ્યો કે કાલે તું કેવળ ખુદાને ખાતર ઝાડ કાપવા નીકળ્યો હતો, તારી નિય્યતમાં ઈખ્લાસ હતો, પરંતુ આજે તને બે દીનાર ન મળવાના કારણે ગુસ્સો આવ્યો છે ! આજે તારો ઈરાદો કેવળ ખુદાના માટે નથી, એટલા માટે હું આજે તારા પર ગાલિબ આવી ગયો. આ હિકાયતથી જાણવા મળ્યું કે શૈતાન મુખ્લિસ બંદાઓ પર સવાર નથી થઈ શકતો. હક્ક સુબ્હાનહૂ તઆલાએ તેની સ્પષ્ટતા કરી છે : الا عبادك منهم المخلصين- "તો જાણવા મળ્યું કે બંદો શૈતાનથી ઈખ્લાસ વિના બચી નથી શકતો, ઈખ્લાસ હોય તો શૈતાનનું કોઈ હથિયાર કામ નથી લાગતું.

## ★ અલ્લાહના માટે દોસ્તી<br>અલ્લાહના માટે દુશ્મની ★

સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની આદતોમાં એ પણ હતું કે તેઓ જે વ્યક્તિ સાથે મહોબ્બત તથા અદાવત રાખતા હતા તે કેવળ ખુદાના માટે રાખતા હતા, દુનિયાની કોઈ લાલચ ન હોતી. એટલે કોઈ દુનિયાદાર સાથે દુનિયાના માટે મહોબ્બત રાખતા ન હતા, બલ્કે તેમનો હેતુ અલ્લાહની રઝાનો રહેતો હતો. જો દુનિયાદાર માલદાર હોવા છતાં દીનદાર પણ હોય તો દીનદારીના કારણે તેની સાથે મહોબ્બત રાખતા હતા, જો બેદીન હોય તો તેને હિદાયત કરતા હતા અને આ જ ઈમાનનો કમાલ છે. જેમ કે હદીષ શરીફમાં આવ્યું છે, **"જે વ્યક્તિએ કોઈની સાથે મહોબ્બત કરી તો કેવળ ખુદાના માટે કરી, જો અદાવત રાખી તો ખુદાના માટે, જો કોઈને કાંઈ આપ્યું તો ખુદાના માટે અને ન આપ્યું તો ખુદાના માટે, તો તેણે પોતાનું ઈમાન કામિલ કરી લીધુ."**

અલ્લાહ તઆલાએ મૂસા عليه الصلوة والتسليم ને વહી મોકલી કે શું તેં મારા માટે પણ કોઈ કામ કર્યું ? મૂસા عليه الصلوة والتسليم એ અર્ઝ કરી કે, હા ! મેં તારા માટે નમાઝો પઢી, રોઝા રાખ્યા, ખૈરાત આપી, અન્ય પણ કેટલાક અમલો

વિશે અર્ઝ કરી. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે આ અમલો તો તારા માટે છે, શું તેં મારા દોસ્તની સાથે મારા ખાતર મહોબ્બત કરી અને મારા દુશ્મનની સાથે મારા લીધે દુશ્મની કરી ? આ પરથી જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાના માટે મહોબ્બત અને અલ્લાહ તઆલાના માટે અદાવત એ અફઝલ અમલોમાંથી છે. હસન બસરી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે : ફાસિક સાથે સંબંધ કાપવો એ અલ્લાહનો કુર્બ હાંસલ કરવું છે.

સૂફયાન ષૌરી رحمۃ اللہ علیہ ને પૂછવામાં આવ્યું કે શું ફાસિકની પાસે આ□ાસન માટે બેસવા જવું દુરુસ્ત છે કે નહીં ? તો આપે ફર્માવ્યું કે દુરુસ્ત નથી. હસન બસરી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે, **જે વ્યક્તિ દા'વો કરે કે હું ફલાણા શખ્સને ખુદાને ખાતર દોસ્ત રાખુ છું અને તે વ્યક્તિ જ્યારે નાફર્માની કરે અને તે તેને બુરો ન સમજે તો તેણે મહોબ્બતના દાવામાં જૂઠ કહ્યું કે ખુદાના માટે છે. તેની મહોબ્બત ખુદાના માટે નથી. જો ખુદાના ખાતર હોત તો તેણે નાફર્માની કરી હતી જેથી તેને તેની નાફર્માનીના સબબે બુરો સમજત. અલ્લાહ તઆલાના મકબૂલ બંદાઓને બેદીનો પ્રત્યે આવી નફરત હતી.**

હઝરત માલિક ઈબ્ને દીનાર علیہ الرحمۃ والرضوان જો કૂતરો આપની સામે આવીને બેસી જાય તો ન હટાવતા અને ફર્માવતા કે **બુરા સાથી કરતાં કૂતરો સારો** છે. અહમદ ઈબ્ને હરબ ફર્માવે છે કે નેકો સાથે મહોબ્બત અને તેમની પાસે બેસવું, તેમની સોહબતમાં રહેવું, તેમના વાણી તથા વર્તન જોઈને અમલ કરવો માનવ દિલના માટે એનાથી વિશેષ કોઈ વાત લાભદાયી નથી. અને બુરા લોકોની સોહબતમાં રહેવું, ફાસિકો સાથે મેલજોલ રાખવી, તેમનાં બુરાં કામો જોઈને તેમને બુરા ન જાણવું એનાથી વિશેષ દિલના માટે કોઈ ચીજ નુકસાનકર્તા નથી. હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام એ એ ફર્માવ્યું કે ગુનાહ કરવાવાળાઓ સાથે અદાવત રાખીને અલ્લાહ તઆલા સાથે મહોબ્બત રાખો અને તેમનાથી દૂર રહીને અલ્લાહ તઆલા પ્રતિ રુજૂઅ કરો અને તેમને બુરા સમજવાથી અલ્લાહની રઝા





હાંસલ કરો. લોકોએ અર્ઝ કરી, હે નબીયલ્લાહ ! علیہ الصلوٰۃ والسلام તો પછી અમે કોની પાસે બેસીએ ? ફર્માવ્યું : એ લોકોની પાસે બેસો જેમને જોવું તમને અલ્લાહની યાદ અપાવે અને જેમની વાણી તમારા અમલોમાં વધારાનો સબબ બને અને તેમના અમલો તમને આખેરતની તરફ આકર્ષિત કરે.

સહલ رضی اللہ عنہ થી આયત لا تجد قوما يومنون بالله و اليوم الاخر ની તફસીરમાં આવ્યું છે કે જેણે પોતાનું ઈમાન સહીહ કર્યું અને તૌહીદ ખાલિસ કરી તે બિદઅતી (બદમઝહબ) સાથે ન બેસે, ન તેની સાથે ખાય બલ્કે પોતાના તરફથી તેના માટે દુશ્મની તથા અદાવત જાહેર કરે. જેણે બિદઅતીની સાથે મેળ મેળાપ કર્યો તેનાથી અલ્લાહ તઆલા યકીનની લઝ્ઝત છીનવી લે છે અને જેણે બિદઅતીને ઈજ્જતની તલાશ તથા માલદારીના માટે પ્રિય રાખ્યો અલ્લાહ તઆલા તેને બેઈજ્જત કરશે અને તેને માલદારીમાં મુફલિસ કરી દેશે. સુફયાન ષૌરી ફર્માવે છે : જેણે બિદઅતીની વાત સાંભળી તેને અલ્લાહ તઆલા એ વાતથી ફાયદો નથી આપતો, અને જે બિદઅતી સાથે મુસાફો કરે છે તે ઈસ્લામની તાકત તોડી નાખે છે. હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رضی اللہ عنہ ફર્માવે છે : જે બિદઅતીને દોસ્ત રાખે અલ્લાહ તઆલા તેના અમલોને નષ્ટ કરી દે છે અને તેના દિલેથી ઈસ્લામનું નૂર નીકળી જાય છે. જે શખ્સ બિદઅતીની સાથે બેસતો હોય એનાથી પણ બચવું લાઝિમ છે. એમનાથી જ રિવાયત છે કે જો કોઈ માર્ગમાં બિદઅતી આવતો હોય તો બીજો રસ્તો અપનાવો. હઝરત ફુઝૈલ علیہ الرحمۃ والرضوان ફર્માવે છે : જે શખ્સ બિદઅતીને મળવા ગયો તેના દિલેથી ઈમાનનું નૂર જતુ રહ્યું.

**નોંધ** : જાણવું જોઈએ કે **અત્યારે સુન્ની બરેલ્વી સિવાય જેટલા ફિર્કા છે તે સૌ બિદઅતી છે** જેમની સાથે મળમેળાપ ઉઠક બેઠક મના છે.

સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે ત્રણેય સહાબીઓ સાથે બોલચાલ બંધ કરી દીધી જેઓ જંગમાં આવવામાં પાછા પડયા હતા. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین શરીઅત વિરૂધ્ધ

વર્તનારાઓથી સંબંધ કટ કરી દેતા હતા. સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક એવી વ્યક્તિના માટે ફર્માવ્યું કે આ તમને નમાઝ ન પઢાવે કે જે કિબ્લા શરીફની તરફ મોં કરીને થૂંકયો હતો. **આજે આપણે જો કોઈ બેઅદબ ફિર્કાવાળાની પાછળ નમાઝ પઢવાની ના પાડીએ તો લોકો આપણને વિખવાદ ઉભો કરનાર કહે છે ! જ્યારે આ વિખવાદ ઉભો કરવું નથી બલ્કે અયન રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નું અનુકરણ છે.** મુસ્લિમની રિવાયતમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બદ્‌મઝહબથી બચવા અર્થે ફર્માવ્યું કે, "તમે એમનાથી બચો અને પોતાને એનાથી દૂર રાખો ક્યાંક તે તમને ગુમરાહ ન કરી દે અને ફિત્નામાં ન નાખે. સરવરે આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કેટલી તાકીદની સાથે બેદીનોથી બચવાની હિદાયત ફર્માવી. તો શું આ (લીડર લોકો) મઆઝલ્લાહ ! મઆઝલ્લાહ ! રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ઉપર પણ વાડાબંધીનો આક્ષેપ લગાડશે ?! **હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તો તે વ્યક્તિની અંદર રાઈના દાણા જેટલુ પણ ઈમાન નથી, એવું કહે છે જે એવા બેદીનોને દિલથી પણ બુરા ન જાણે.** *(મુસ્લિમ)*

## ★ ઈષાર (ત્યાગવૃત્તિ) ★

બુઝુર્ગોને દીનના અખ્લાકમાં ઈષાર (ત્યાગની ભાવના) પણ છે. તેઓ પોતાના નફ્સ પર અન્ય લોકોને પ્રાધાન્ય આપતા. ભલે તેમને પોતાને તકલીફ પડે પણ તેઓ અન્યોને રાહત પહોંચાડવાની કોશિશ કર્યા કરતા હતા.

રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં એક અન્સારી એક મહેમાનને પોતાના ઘરે લઈ ગયા. તેમના ઘરમાં કેવળ એક જ માણસનું ભોજન હતું. તેમણે એ ખાવા મહેમાનની સમક્ષ રાખી દીધું અને પોતાની પત્નીને ઈશારો કર્યો કે તે દીવો ઓલવી નાખે તો તેણીએ ઓલવી નાખ્યો. મહેમાનની સાથે તે અન્સારી બેસી ગયા અને મોઢા સાથે ખાતા હોય તેમ ચપ ! ચપ ! કરતા રહ્યા જેથી મહેમાન સમજયા કે આપ પણ ખાય રહ્યા છે. તે સર્વ ખાવા તે મહેમાનને ખવડાવી આપ્યું અને ખૂદ બીવી બચ્ચાં





સાથે ભૂખ્યા સૂઈ રહ્યા. એના પર આ આયત નાઝિલ થઈ :–

ویوثرون علی انفسھم و لوکان بھم خصاصہ۔

એ રીતે એક બકરીનું માથુ સહાબીની પાસે સદકામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે ફલાણા સહાબી મારા કરતાં અધિક ગરીબ છે તેને આપી દો ! જેથી તેમની પાસે લઈ ગયા. તેમણે બીજા પાસે મોકલી આપ્યું. તેમણે આગળ ત્રીજા પાસે મોકલી આપ્યું. એટલે સુધી કે ફરતુ ફરતુ પહેલાવાળા સહાબી પાસે આવ્યું ! સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین માં તો આટલે સુધી ત્યાગની ભાવના હતી કે તેમણે પોતાના ભાઈ મુહાજિરને પોતાની સર્વ જાયદાદ અડધી અડધી વહેંચી આપી બલ્કે જેની પાસે બે પત્નીઓ હતી તેમણે એકને તલાક આપીને પોતાના ભાઈ મુહાજિરના નિકાહમાં આપી દીધી. અલ્લાહુ અકબર ! આ ભાઈચારો તથા હમદર્દી જેનું દ્રષ્ટાંત આજે દુનિયામાં જોવા નથી મળતું.

જંગે યરમૂકમાં એક ઝખ્મીએ પાણી માંગ્યું. એક વ્યક્તિ પીવડાવવા આગળ વધ્યો તો એક બીજા ઝખ્મીનો અવાજ આવ્યો કે, હાય ! પાની ! પહેલા ઝખ્મીએ કહ્યું કે પેલા ભાઈને પ્રથમ પીવડાવો. તો તે શખ્સ તેના તરફ આગળ વધ્યો તો બીજા એક ઝખ્મીએ અવાજ આપ્યો કે પાણી ! તો પેલા શખ્સે એ ભાઈને પ્રથમ પીવડાવવા જણાવ્યું. પીવડાવનાર ફરી આગળ વધ્યો તો એક અન્ય અવાજ આવ્યો તો તેણે પણ તે અવાજ કરનાર ભાઈને પાણી પ્રથમ પીવડાવવા કહ્યું. તેને પાણી પીવડાવવા પાણી પાનાર આગળ વધ્યો તો તેણે દમ છોડી દીધો અને તે શહીદ થઈ ગયો. હવે બીજા પાસે ગયો તો તે પણ શહીદ થઈ ગયો, ત્રીજા પાસે ગયો તો તે પણ શહીદ થઈ ચૂક્યો. આમ મરવાની અણીએ પણ કોઈએ પોતે પાણી ન પીધું, પોતાની પરવા ન કરી પણ સૌએ પોતાના મુસલમાન ભાઈને ખાતર કુર્બાની આપી દીધી, આ હતી ત્યાગ તથા કુર્બાનીની ભાવના !

એ જ પ્રમાણે કેટલાક દુરવેશ જાસૂસીના આક્ષેપ હેઠળ પકડાઈ ગયા. સરકારી હુકમ થયો કે તેમને કત્લ કરવામાં આવે. જ્યારે કત્લ કરવા

લાગ્યા તો દરેકે એ જ માગણી કરી કે મને પહેલો કત્લ કરવામાં આવે જેથી એક બે □ાસ જિંદગી બીજો ભાઈ મેળવી શકે અને હું એનાથી પ્રથમ માર્યો જાઉં. બાદશાહે આ ઈષાર (કુર્બાનીની ભાવના) જોઈ તો સૌને મુક્ત કરી આપ્યા. و يطعمون الطعام على حبه مسكينا ويتيما و اسيرا ની તફસીરમાં હઝરત અલી رضي الله عنه તથા હઝરત ફાતેમા رضي الله عنها તથા સાહબઝાદાઓનું ત્રણ દિવસ રોઝા રાખવું, અને એક રોજ ઈફતારના સમયે ફકીરનું સવાલ કરવું, બીજા દિવસે કોઈ યતીમનું સવાલ કરવું, ત્રીજા દિવસે કોઈ કેદીનું. અને આપનું પોતાની ભૂખનો તથા બાળ બચ્ચાંની ભૂખનો ખયાલ કર્યા વિના માંગનારાઓને ભોજન આપી દેવું એ ઉચ્ચ કક્ષાની ત્યાગભાવના છે. અલ્લાહ તઆલા મુસલમાનોને તૌફીક આપે.

## ★ નિફાકનો ત્યાગ ★

સલફે સાલેહિન (પૂર્વ જ બુઝર્ગો)ની મુબારક આદતોમાં નિફાકનો ત્યાગ પણ હતું. તેમનું જાહેર તથા બાતિન નેક અમલ કરવામાં સમાન રહેતુ હતું. તેમનામાંથી કોઈ એવો અમલ ન કરતો હતો જેના કારણે આખેરતમાં બેઈજ્જતી થાય. હઝરત ખિઝર عليه الصلاة والسلام ની ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝની સાથે મદીના મુશર્રફામાં મુલાકાત થઈ. ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે અર્ઝ કરી કે તમે મને કોઈ નસીહત કરો ! તો આપે ફર્માવ્યું : "હે ઉમર ! એ વાતથી બચજે કે તું જાહેરમાં તો ખુદાનો દોસ્ત હોય અને બાતિનમાં તેનો દુશ્મન ! કેમ કે જેનું જાહેર તથા બાતિન (અંતર) સમાન ન હોય તે મુનાફિક હોય છે અને મુનાફિકનું ઠેકાણું 'દરકે અસ્ફલ' (જહન્નમનો સૌથી નીચલો તબકો) છે." અઝીઝ એટલા સુધી રડયા કે આપની દાઢી મુબારક તર થઈ ગઈ. મુહાબ ઈબ્ને અબી સુફરા ફર્માવ્યા કરતા હતા કે, "હું એવી વ્યક્તિને કરાહતની દ્રષ્ટિએ જોઉં છું જેની જીભને તેના અમલ પર ફઝીલત છે. એટલે કે તેની વાણી તો સારી છે પણ વર્તન સારું ન હોય."





અબ્દુલ વાહિદ બિન યઝીદ عليه الرحمة والرضوان ફર્માવ્યા કરતા હતા કે ઈમામ હસન બસરી عليه الرحمة والرضوان જે મર્તબાએ પહોંચ્યા છે એ એટલા માટે કે જે ચીજનો તેમણે કોઈને હુકમ કર્યો છે સૌ પ્રથમ આપે તેના પર અમલ કર્યો છે અને જે ચીજથી કોઈને મના કર્યું છે સૌ પ્રથમ ખૂદ એનાથી દૂર રહ્યા છે. ફર્માવે છે કે મેં કોઈ માણસ હસન બસરી عليه الرحمة والرضوان થી વિશેષ એ વાતમાં નથી જોયો કે તેનું જાહેર તેના બાતિન (અંતર)ની સાથે સમાન હોય. મુઆવિયહ્ ઈબ્ને કુર્રા عليه الرحمة والرضوان ફર્માવ્યા કરતા હતા કે, "આંખોના રૂદન કરતાં દિલનું રૂદન બેહતર છે." મરવાન ઈબ્ને મુહમ્મદ કહે છે જે માણસની લોકોએ પ્રશંસા કરી મેં તેને તેમની પ્રશંસા કરતાં ઉતરતો જોયો, પણ વકીઅ عليه الرحمة والرضوان ને કે તેને મેં લોકોની પ્રશંસા કરતાં વિશેષ પામ્યા. ઉત્બા ઈબ્ને આમિર કહે છે કે **જ્યારે કોઈ બંદાનું જાહેર અને બાતિન સમાન હોય** તો અલ્લાહ તઆલા પોતાના ફરિશ્તાઓને ફર્માવે છે કે, "આ મારો હકીકી બંદો છે." અબૂ અબ્દુલ્લાહ ઈન્તાકી عليه الرحمة والرضوان ફર્માવે છે : બાતિની (આંત્રિક) ગુનાહોને ત્યજવા અફઝલ અમલ છે. તેમને એનું કારણ પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે જેણે આંત્રિક (બાતિની) ગુનાહોને ત્યજી દીધા તે જાહેરી ગુનાહોને અધિક ત્યજનાર થશે. અને ફર્માવ્યું કે જેનું બાતિન એના જાહેર કરતાં અફઝલ હોય તો તે ખુદાનો **ફઝ્લ** છે. અને જેનું જાહેર તથા બાતિન એકરૂપ હોય તે **અદ્લ** છે અને જેનું જાહેર તેના બાતિન કરતાં સારું હોય તે **ઝુલ્મ** છે. યૂસુફ ઈબ્ને અસ્બાત عليه الرحمة والرضوان ફર્માવ્યા કરતા હતા કે અલ્લાહ તઆલાએ અંબિયામાંથી કોઈ નબી પર વહી મોકલી કે તમારી કૌમને કહી આપશો કે તે અમલોને મારા માટે છુપા રાખે, હું તેમના અમલો જાહેર કરી દઈશ. એટલે જે વ્યકિત અલ્લાહને માટે છુપી ઈબાદત કરશે, અલ્લાહ તઆલા તેની ઈબાદતની ચર્ચા દુનિયામાં કરશે અને દુનિયાવાળાઓમાં તે આબિદ મશહૂર થઈ જશે. માલિક બિન દીનાર ફર્માવે છે કે એક વાતથી બચજે કે તું દિવસમાં તો નેક બંદો બનેલો રહે અને રાતે શૈતાનનો સાથી બની જાય. મુઆવિયહ્ ઈબ્ને કુર્રા ફર્માવે છે કે, "મને કોઈ એવો શખ્સ બતાવો જે રાત્રે રડે છે અને દિવસે હસે છે." એટલે કે

એવા લોકો ઘણા ઓછા છે.

અબૂ અબ્દુલ્લાહ સમરકંદી عليه رحمة الرحمن લોકોને ફર્માવતા હતા જ્યારે કે તેઓ તેમની તારીફ કરતા કે ખુદાની કસમ ! મારું અને તમારું દ્રષ્ટાંત એવું છે જેમ કે એક છોકરી હોય જેનું કોમાર્ય બદ્કારીના કારણે જતુ રહ્યું અને તેના ઘરવાળાંઓને ખબર ન હોય. તો સુહાગ રાતે તેના ઘરવાળાં તો ખુશ થશે પણ તેણી પોતે બેઈજ્જતીના ડરથી ગમનાક હશે કે આજે મારાં કરતૂત જાહેર થઈ જશે.

**સુફ્યાન ષૌરી** عليه رحمة الرحمن ફર્માવે છે કે આ જમાનામાં રિયાની અધિકતા થઈ ગઈ છે. લોકો ઈબાદતોને જાહેર કરે છે અને તેમનું બાતિન (ભીતર) હસદ તથા ઈર્ષા, કીના તથા અદાવત તથા કંજૂસાઈ વગેરેમાં મશગૂલ છે. જો તમારે એ આબિદો સાથે કોઈ જરૂરત ઉભી થાય તો કોઈ એવો આબિદ કે આલિમ કે જે એના જેવો હોય તેને તેની પાસે સિફારિશના માટે ન લઈ જશો, નહીં તો તે એનાથી નારાજ થશે. અલબત્ત ! કોઈ મોટા માલદારને સિફારશી તરીકે લઈ જશો તો તમારું કામ થઈ જશે. સાર એ કે એ લોકોને દુનિયાદારો સાથે મહબ્બત હશે અને પોતાની ઈબાદત નામ નમૂદ તથા રિયાના માટે કરતા હશે, એટલા માટે દુનિયાદારોનું કહેવું તો માની લેશે પરંતુ પોતાના જેવા આબિદો, ઝાહિદોથી દિલી હસદ તથા કીનો હશે એટલે તેમનું કહેવું માનશે નહીં.

અલ્લાહુ અકબર ! આ તે જમાનાનો હાલ છે જે જમાનો નબુવ્વતના જમાનાથી ખૂબ જ નિકટ હતો. તો એના પરથી વિચારો કે આજકાલની હાલત શું હશે ? સહીહ હદીષમાં આવ્યું છે કે જે દિવસ આવે છે તેના પછીનો દિવસ એનાથી બરાબર હોય છે. અલ્લાહ તઆલા જમાનાની મુસીબતોથી બચાવે. *(આમીન)*

## ★ હાકિમોના જુલ્મ પર સબ્ર કરવી ★

સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની મુબારક આદતોમાંથી એ પણ છે કે તેઓ હાકિમોના જુલ્મ પર અતિશય સબ્ર કરતા હતા અને





ઘણી જ અડગતાપૂર્વક તેમની તકલીફોને વેઠી લેતા હતા અને કહેતા હતા કે આ તકલીફો અમારા ગુનાહોના હિસાબે તો ઘણી જ ઓછી છે. ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ ફર્માવ્યા કરતા હતા કે હજ્જાજ ષકફી ખુદાની તરફથી એક આજમાઈશ હતો જે બંદાઓ પર ગુનાહોના પ્રમાણમાં આવ્યો. સૈયેદના ઈમામ અબૂ હનીફા عليه رحمة الرحمن ફર્માવ્યા કરતા હતા કે, "જ્યારે તને જાલિમ બાદશાહની સાથે ટકરાવાનું થઈ જાય અને તેના કારણે તારા દીનમાં નુકસાન પેદા થઈ જાય તો તે નુકસાન માટે પુષ્કળ ઈસ્તિગફારની સાથે માફી તલબ કર પોતાના માટે અને તે જાલિમ બાદશાહના માટે."

હારૂન રશીદે એક શખ્સને અયોગ્ય રીતે કેદ કર્યો તો તે શખ્સે હારૂન રશીદને લખી મોકલ્યું કે, હે હારૂન ! જે દિવસ મારી કેદ તથા તંગીનો પસાર થાય છે એ જ પ્રમાણે તારી ઉમર તથા નેઅમતનો દિવસ પણ પસાર થઈ જાય છે. કિયામત નજીક છે અને અલ્લાહ તઆલા મારી અને તારી દરમ્યાન છે. જ્યારે હારૂને આ પત્ર વાંચ્યો તો તેને મુક્ત કરી આપ્યો અને તેના પર અન્ય ઘણા એહસાનો કર્યા.

હઝરત ઈબ્રાહીમ અદ્હમ رحمة الله عليه ની પાસે લોકો કેટલોક માલ લઈને આવ્યા અને કહ્યું કે બાદશાહે આ માલ મોકલ્યો છે કે તમે મોહતાજોમાં વહેંચી આપો. આપે સઘળો માલ પાછો કાઢયો અને કહ્યું કે, અલ્લાહ તઆલા જ્યારે જાલિમથી હિસાબ લેશે તો તે કહી દેશે કે મેં ઈબ્રાહીમને આપી દીધો ! તો વિના વાંકે મારે જવાબ આપવાનો થશે. એટલા માટે જેણે આ માલ જમા કર્યો છે તે જ વહેંચવા માટે વધારે યોગ્ય છે.

હઝરત માલિક બિન દીનાર عليه رحمة الرحمن ફર્માવે છે કે તૌરાત શરીફમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે કે, **"બાદશાહોનાં દિલ મારા કબ્જામાં છે જે મારી ફર્માબરદારી કરશે હું તેના માટે બાદશાહોને રહમત બનાવીશ અને જે મારી વિરૂધ્ધ કરશે તેના માટે તેમને અઝાબ બનાવીશ, તો તમે બાદશાહોને બુરા કહેવામાં મશગૂલ ન બનો બલ્કે મારી બારગાહમાં તૌબા કરો, તો હું તેમને તમારા**

**માટે કૃપાળુ કરી દઈશ."**

હું કહું છું કે આ લખાણ (બાબત) હદીષ શરીફમાં પણ આવ્યું છે. મિશ્કાત શરીફના પેજ–૩૧૫ માં અબૂ દાઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે હક્ક સુબ્હાનહૂ વ તઆલા ઈર્શાદ ફર્માવે છે : **"હું અલ્લાહ છું ! મારા સિવાય કોઈ પૂજ્ય નથી. હું બાદશાહોનો માલિક અને બાદશાહોનો બાદશાહ છું. બાદશાહોનાં દિલ મારા હાથમાં છે. જ્યારે લોકો મારી તાબેદારી કરે ત્યારે હું બાદશાહોના દિલોમાં રહમત તથા નરમી નાખી દઉં છું અને જ્યારે લોકો મારી વિરૂધ્ધ વર્તન કરે તો તેમનાં દિલોને અઝાબ તથા ગઝબની તરફ ફેરવી દઉં છું, પછી તેઓ તેમને સખત તકલીફો આપે છે. તો લોકોએ જોઈએ કે બાદશાહોને બુરા કહેવામાં મશ્ગૂલ ન થાવ, બલ્કે ઝિક્ર તથા આજિઝી અપનાવો તો બાદશાહો તરફથી હું પૂરતો થઈ જઈશ. એટલે કે તેઓ પ્રજા સાથે સારો વર્તાવ તથા મહોબ્બતની સાથે વર્તશે."**

આ હદીષમાં એવા પ્રસંગે જે ઈલાજ અલ્લાહ તઆલાએ દર્શાવ્યો છે અફસોસ ! કે તેના પર લોકો અમલ નથી કરતા બલ્કે એની વિરૂધ્ધ કરે છે એ જ કારણે તેમની ચીસો તથા પોકારોમાં કોઈ અસર નથી હોતી. સૂફિયાએ કિરામ હઝરાતે આ હદીષ પર અમલ કર્યો અને રબ તઆલાના ફર્માવેલા ઈલાજમાં રાત દિવસ મશ્ગૂલ છે. મુસલમાનોને સાચા અર્થમાં મુસલમાન બનાવવાની કોશિશ કરી રહ્યા છે તો આ જ સૂફી હઝરાત લોકોને અલ્લાહના ઝિક્રમાં મશ્ગૂલ રાખે છે. અને તેના પ્રતિ આકર્ષે છે, આજીજી સાથે રૂદન તથા કાકલૂદીનો સબક આપે છે અને કામિલ મો'મિન બનાવે છે કે જેથી હક્ક સુબ્હાનહૂ તઆલા બાદશાહોના દિલોમાં તેમની મહોબ્બત તથા રહમત નાખી દે. આ હદીષનો એ જ હેતુ છે પણ અફસોસ કે વર્તમાનકાળના કૌમના લીડરો સૂફી હઝરાતની વિરૂધ્ધ પ્રોપેગન્ડા કરે છે અને લોકોના દિલોમાં તેમના સંબંધે બદ્ગુમાનીઓ નાખે છે કે આ લોકો ખામોશ છે, મેદાનમાં નથી





આવતા. જ્યારે કે આ એ જ લોકો છે જેઓ આ બીમારીની અસલિયતને જાણી લઈને તેના ઈલાજમાં મશ્ગૂલ છે.

અબ્દુલ મુત્તલિબ ઈબ્ને મરવાન પોતાની પ્રજાને કહ્યા કરતા હતા કે, હે લોકો ! તમે ચાહો છો કે અમે તમારી સાથે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما ની સીરત અપનાવીએ, પરંતુ તમે પોતાની સીરત (જીવન શૈલી) તેમની પ્રજાની સીરત તથા ખાસિયતો જેવી નથી બનાવતા ! તમે તેમની પ્રજાની જેમ થઈ જાવ તો અમે પણ તમારી સાથે અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما જેવો વર્તાવ કરીશું.

સુફયાન ષૌરી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે અમે એવા આલિમોને જોયા છે જેઓ પોતાનાં ઘરોમાં બેસેલા રહેવાને અફઝલ સમજતા હતા. આજે આલિમો અમીરોના વઝીર અને જાલિમોના દરવાન બની ગયા છે.

અત્તાર ઈબ્ને અબી રબાહ رضی اللہ عنہ ને કોઈકે પૂછયું કે કોઈ શખ્સ કોઈ જાલિમનો મુન્શી હોય તો એ શું જાઈઝ છે ? ફર્માવ્યું કે બેહતર એ છે કે નોકરી છોડી દે. હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام એ અર્ઝ કરી હતી, "હું મુજરિમોનો મદદગાર કદી પણ થઈશ નહીં." અબૂઝર رضی اللہ عنہ ફર્માવ્યા કરતા હતા કે લોકો પર એક સમય એવો આવશે કે વાલીઓ તથા હાકિમો તરફથી તેમને ભેટો મળશે તેની કિંમત તેમનો દીન હશે. એટલે કે **લોકો દીન વેચીને હાકિમોથી ભેટો મેળવશે.**

સુફયાન ષૌરી علیہ الرحمۃ والرضوان ફર્માવતા હતા, "જે વ્યક્તિ જાલિમની સામે હસે અથવા તેના માટે મજલિસમાં જગા વિશાળ કરે અથવા તેની ભેટ સ્વીકારી લે તો તેણે ઈસ્લામની રસ્સીને તોડી નાખી. અને તે જાલિમોના મદદગારોમાં લખવામાં આવશે.

હઝરત તાઉસ علیہ الرحمۃ والرضوان મોટા ભાગે ઘરમાં બેઠેલા રહેતા હતા. લોકોએ પૂછયું તો ફર્માવવા લાગ્યા કે, "મેં એટલા માટે ઘરે બેસી રહેવાનું પસંદ કર્યું છે કે પ્રજા ખરાબ થઈ ગઈ છે, સુન્નત જતી રહી છે, બાદશાહો અને અમીરોમાં જુલ્મની આદત થઈ ગઈ છે. જે શખ્સ પોતાની

ઔલાદ અને ગુલામોમાં હક્ક સંબંધે ફરક કરે તે જાલિમ છે.

હઝરત માલિક બિન દીનાર عَلَیْہِ رَحْمَۃُ اللّٰہِ الرَّحْمٰن ફર્માવે છે, જ્યારે અમીર દુબળો હોવા પછી જાડો થઈ જાય તો જાણી લો કે તેણે પ્રજાની ખયાનત કરી અને પોતાના રબની વિરૂદ્ધ વર્તન કર્યુ. અબૂ આલિયા عَلَیْہِ رَحْمَۃُ اللّٰہِ الرَّحْمٰن એક દિવસ રશીદની પાસે આવ્યા અને ફર્માવ્યું કે, "મઝલૂમ (જેના પર જુલ્મ થયો તે)ની દુઆથી બચતા રહેશો કે અલ્લાહ તઆલા મઝલૂમની દુઆ રદ નથી કરતો, ભલે તે ફાજિર હોય." એક હદીષમાં છે કે ભલે તે કાફિર હોય. એટલે કે **મઝલૂમ કોઈ પણ હોય તેની આહથી બચવું જોઈએ.**

## ★ ઓછું હસવું ★

સલફે સાલેહીનની મુબારક આદતોમાંથી કમ હસવું પણ છે. તેઓ ઓછુ હસતા હતા અને દુનિયાની કોઈ ચીજ મળી જવાથી ખુશ થતા ન હતા, દા.ત. લિબાસ હોય, સવારી હોય કે અન્ય કોઈ ચીજ. તેઓ ડરતા હતા કે એવું ન હોય કે આખેરતની નેઅમતોમાંથી કોઈ નેઅમત દુનિયામાં હાંસલ થઈ ગઈ હોય. **તેમની આદત દુનિયાદારોની આદતથી વિરૂધ્ધ હતી, દુનિયાદાર તો દુનિયા મળતાં ખુશ થાય છે પરંતુ બુઝુર્ગાને દીન દુનિયા મળતાં ખુશ થતા ન હતા.** હકીકતમાં જે વ્યક્તિ કોઈ કૈદી હોય તે કોઈ ચીજથી કઈ રીતે ખુશ થઈ શકે છે. જેવી રીતે કૈદી કૈદમાં ઉદાસ રહે છે એ જ પ્રમાણે અલ્લાહના મકબૂલ બંદાઓ આ દુનિયામાં ગમગીન રહે છે. તેમને એ જ ખયાલ રહે છે કે આ દુનિયાના ઘરથી જલ્દી છૂટકારો થાય અને હક્ક સુબ્હાનહૂની બકાથી શરફ હાંસલ થાય.

હદીષ શરીફમાં આવ્યું છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તે જાતની કસમ છે જેની કુદરતના કબ્જામાં મારી જાન છે ! જો તમે જાણત જે હું જાણું છું તો તમે થોડુંક હસત અને અધિક રોવત અને પત્નીઓ સાથે બિસ્તરો પર કદી આનંદ ન માણી શકત અને જંગલોની તરફ નીકળી





જાત અને ખુદા તઆલાની જનાબમાં પનાહ માંગત. આ હદીષથી જાણવા મળ્યું કે ખૂબ હસવું સારું નથી. જ્યાં સુધી શક્ય હોય ખુદાના ખૌફથી રડવું લા'ઝિમ છે અને એ પણ જાણવા મળ્યું કે સરવરે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم તમામ મખ્લૂકાતમાં સૌથી વિશેષ જાણનારા છે સૌથી વિશેષ ઈલ્મવાળા છે.

ઈમામ હસન બસરી عَلَیْہِ رَحْمَۃُ اللّٰہِ الرِّضْوَان એ એક શખ્સને જોયો કે તે હસી રહ્યો છે. આપે ફર્માવ્યું, હે યુવાન ! શું તું પુલસિરાતથી પસાર થઈ ચૂકયો છે ?! તેણે કહ્યું, નહીં ! પછી ફર્માવ્યું, શું તું જાણે છે કે તું જન્નતમાં જશે કે દોઝખમાં ?! તેણે કહ્યું, નહીં ! ફર્માવ્યું, તો પછી આ હસવાનું કેવું ?! એટલે કે જ્યારે આવી મુશ્કેલીઓ તારી સમક્ષ છે અને તને તારી નજાતની પણ ખબર નથી તો પછી કઈ ખુશી પર હસી રહ્યો છે ? પછી તે શખ્સને કોઈએ હસતો નથી જોયો. હદીષે કુદ્સીમાં આવ્યું કે **અલ્લાહ તઆલા ફર્માવે છે, આશ્ચર્ય છે તે વ્યક્તિ પર જે મૌતનું યકીન ધરાવે છે પછી કઈ રીતે હસે છે ?!**

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ને પૂછવામાં આવ્યું કે તકવાવાળા (ખુદાથી ડરનારા) કોણ છે ? ફર્માવ્યું, તેમનાં દિલો ખુદાના ખૌફથી ઘાયલ છે, તેમની આંખો રડે છે, તેઓ કહે છે કે અમે કઈ રીતે ખુશી મનાવીએ જ્યારે કે મૌત અમારી પાછળ છે અને કબર અમારી સામે છે અને કિયામત આપણા વાયદાની જગા છે. જહન્નમ પર થઈને (પુલસિરાત પરથી) પસાર થવાનું છે અને રબ તઆલા સમક્ષ ઉભા રહેવાનું છે.

હઝરત હાતિમ અસમ رضی اللہ عنہ ફર્માવે છે કે ઈન્સાન ઉમદા જગાએ ઘમંડમાં ન આવે, કેમ કે આદમ علیہ الصلوۃ والسلام જન્નતમાં અત્યંત ઉચ્ચ તથા ઉમદા સ્થાને હતા તેમણે તે જગાએથી બહાર તશરીફ લાવવું પડયું. અને ઈબાદતની અધિકતા ઉપર પણ ગર્વ ન કરવો જોઈએ કેમ કે બલ્અમ બાઊર કે જે ઈસ્મે આ'ઝમનો જાણકાર હતો પણ છેવટે તેની સાથે શો મામલો થયો ! અને સાલેહીન (વલીઓ)ની અધિક પ્રમાણમાં મુલાકાત (દીદાર) કરવા ઉપર પણ ગર્વ ન કરવો જોઈએ કેમ કે રસૂલે કરીમ

صلی اللہ تعالیٰ علیہ وسلم ના સગા કે જેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પુષ્કળ પ્રમાણમાં ઝિયારત કરી હતી છતાં તેઓ મુસલમાન ન થયા, તો આપના દીદારથી તેમને કોઈ લાભ ન પહોંચાડયો.

હઝરત હસન બસરી علیہ رحمۃ اللہ الرحمٰن એટલે સુધી ગમગીન રહ્યા કરતા હતા કે જાણે એવું જણાતુ હતું કે હમણાં જ કોઈ તાજો ગુનો કરીને ડરી રહ્યા છે. ફુઝૈલ ઈબ્ને અયાઝ علیہ رحمۃ اللہ الرحمٰن ફર્માવે છે કે ઘણા લોકો હસવાવાળા હોય છે જ્યારે કે તેમના કફનનું કપડું ધોબીઓને ત્યાં ધોવાયેલું આવી ચૂકયું છે. ઈબ્ને મરઝૂક ફર્માવે છે કે જે વ્યક્તિ દા'વો કરે છે કે **મને ગુનાહોનો ગમ છે પછી તે ખાણામાં મધ તથા ઘી ભેગુ કરે છે (સ્વાદિષ્ટ ભોજન આરોગે છે) તો તે પોતાના દા'વામાં જૂઠો છે** ! અવઝાઈ ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ જે આયત **لا يغادر صغيرة و لا كبيرة الا احصاها**. ફર્માવી છે એમાં સગીરથી મુરાદ સ્મિત (તબસ્સુમ) અને કબીરથી મુરાદ અટ્ટહાસ્ય છે. હું કહું છું કે સ્મિતથી તે સ્મિત મુરાદ છે જે હાસ્ય સુધી પહોંચે એટલે કે એવા અવાજથી હસે જેને મજલિસવાળા સાંભળી લે, નહીં તો કેવળ સ્મિત જેનો અવાજ ન થાય તે તો રસૂલે કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી સાબિત છે. ષાબિત બુનાની علیہ رحمۃ اللہ الرحمٰن ફર્માવે છે કે મો'મિન જ્યારે મૌતથી ગાફેલ થાય ત્યારે હસે છે એટલે કે મૌત યાદ હોય તો તેને હસવું નથી આવતું. આમિર ઈબ્ને કૈસ ફર્માવે છે કે, **જે શખ્સ દુનિયામાં ઘણો જ હસે છે તે કિયામતમાં ખૂબ જ રડશે.**

સઈદ ઈબ્ને અબ્દુલ અઝીઝ علیہ رحمۃ اللہ الرحمٰن ચાલીસ વરસ સુધી હસ્યા નથી, એટલે સુધી કે આપને મૌત આવી ગયું. એ જ પ્રમાણે ગઝવાન રક્કાસી علیہ رحمۃ اللہ الرحمٰن નથી હસ્યા. અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે મજલિસમાં દરેક હસનારાની સાથે શૈતાન હોય છે. મુઆઝા અદવિય્યહ્ એક દિવસ એવા નવયુવાન પાસેથી પસાર થયાં જેઓ હસી રહ્યા હતા અને તેમનો લિબાસ સૂફિયાણો હતો. ફર્માવ્યું, "સુબ્હાનલ્લાહ ! લિબાસ તો સાલેહ લોકોનો છે અને હાસ્ય ગાફિલો જેવું !" ઔન ઈબ્ને





અબી ઝૈદ رضی اللہ عنہ ફર્માવે છે કે હું અતા સલ્લમીની પાસે પચાસ વરસ રહ્યો, પણ મેં તેમને કદી પણ હસતા નથી જોયા.

## ★ બિરાદરાને તરીક્ત ! વિચારો ! ★

જરા પોત પોતાના ગરેવાનમાં ડોકીયુ કરીને જુઓ કે શું આપણી અંદર સલફે સાલેહીનની મુબારક આદતોમાંથી કોઈ આદત જોવા મળે છે ? શું આપણને ગફલતે તબાહ નથી કર્યા ? શું આપણને નજાતનો પરવાનો મળી ચૂકયો છે ? શું આપણે આવનારી ઘાટીઓને પાર કરી ચૂક્યા છીએ ? તો પછી શું કારણ છે કે આપણે આપણી આખેરતથી બેફિકર છીએ ! આ સમયને ગનીમત સમજો અને આપણા ખાલિક તથા માલિકની રઝા હાંસલ કરવાની કોશિશ કરો. અલ્લાહ તઆલા તમને અને મને પણ તૌફીક આપે. *(આમીન)*

## ★ પુષ્કળ પ્રમાણમાં ખૌફ ★

સલફે સાલેહીનની મુબારક આદતોમાંથી એ પણ છે કે તેઓ પોતાની પ્રારંભિક તથા અંતિમ હાલતોમાં અલ્લાહ તઆલાથી ખૂબ જ ડરતા હતા. પ્રારંભમાં ગુનાહોના ભયથી અને અંતિમ હાલતમાં અલ્લાહ તઆલાની જલાલત તથા તા'ઝીમના ડરથી. અને બંને હાલતોમાં હક્ક સુબ્હાનહૂ તઆલાથી શર્મિંદા રહેતા હતા. અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ ફર્માવે છે, ચાર ચીજો છે; જ્યારે કોઈ માણસ એમાં અતિશયોક્તિ કરે તો તે તેને હલાક કરી નાખે છે : અતિશય સંભોગ, બીજી અતિશય શિકાર, ત્રીજી અતિ જૂગાર, ચોથો એકદમ ગુનાહ. અબૂ તુરાબ બખ્શી علیہ رحمۃ اللہ الرحمٰن કહે છે કે **જ્યારે માણસ ગુનાહ ત્યજવાનો ઈરાદો કરી લે છે તો અલ્લાહ તઆલાની મદદ દરેક તરફથી તેની સહાય કરે છે.** અબૂ મુહમ્મદ મરૂઝી علیہ رحمۃ اللہ الرحمٰن ફર્માવે છે કે ઈબ્લીસ એટલા માટે મરદૂદ થયો કે તેણે પોતાના ગુનાહનો સ્વકાર ન કર્યો, ન તેના પર શર્મિંદા થયો, ન પોતાના નફ્સને કોસ્યો, ન તૌબાની તરફ આગળ વધ્યો અને

અલ્લાહની રહમતથી નાઉમ્મીદ થઈ ગયો. હઝરત આદમ عليه الصلوة والسلام એ પોતાની લગઝિશનો ઈકરાર કર્યો અને તેના માટે શર્મિંદા થયા અને પોતાના નફ્સને કોસ્યો અને તૌબાની તરફ તેજીથી ગયા અને અલ્લાહ તઆલાની રહમતથી ઉદાસ ન થયા, તો અલ્લાહ તઆલાએ તેમને મકબૂલ કર્યા. હઝરત હાતિમ અસમ عليه الرحمة والرضوان ફર્માવે છે કે જો તું અલ્લાહની નાફર્માની કરે તો જલ્દી તૌબા કરીને શર્મિંદા થઈ જા. ઈબ્રાહીમ ઈબ્ને અદ્હમ عليه الرحمة والرضوان ફર્માવતા હતા કે જો હું તાબેદાર થઈને દોઝખમાં જઉં એનાથી તો બેહતર છે કે હું ગુનેહગાર થઈને જન્નતમાં જાઉં.

અહમદ ઈબ્ને હરબ ફર્માવ્યા કરતા હતા, "શું ગુનેહગાર માટે તે સમય નથી આવ્યો કે તે તૌબા કરે. તેના ગુનાહ તેના દફતરમાં લખવામાં આવ્યા, અને કાલે તે તેના સબબે પોતાની કબરમાં સખ્તીમાં સંડોવાશે અને તે જ ગુનાહોના કારણે દોઝખમાં નાખવામાં આવશે. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ફર્માવતા હતા કે કોઈ બુદ્ધિશાળીને શોભતુ નથી કે પોતાના મહબૂબને તકલીફ પહોંચાડે. લોકોએ પૂછયું કે એવું કઈ રીતે થઈ શકે છે ? ફર્માવ્યું, પોતાના ખાલિક તથા માલિકની નાફર્માની કરવાના સબબે ઈન્સાન પોતાના નફ્સને તકલીફમાં મૂકે છે અને તેનો નફ્સ તેનો મહબૂબ છે. એટલે કે પોતાની જાનને અઝાબમાં ફેંકવી બુદ્ધિશાળીનું કામ નથી.

એક અરબી શાયર કહે છે : **(અર્થ)** "અય તે શખ્સ ! કે તું દોઝખના માટે તૈયારીઓ કરી રહ્યો છે ! જ્યારે કે તારું શરીર તો ખૂબ જ નાઝુક છે ! તો એ દોઝખમાં કઈ રીતે સહન કરશે ? તું બપોરની સખ્ત ગરમીમાં ઉભો રહીને તારા શરીરની આજમાઈશ કર કે તે તેમાં સબર તથા ધીરજ ધરી શકે છે ?! વળી તું મધમાખીઓના ડંખોને સહન નથી કરી શકતો તો મોટા મોટા અજગરો સામે શા માટે બહાદુરી કરે છે !"

અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ફર્માવે છે કે, "નેક અમલ ગુનાહોની કમીની સાથે અલ્લાહ તઆલાને અધિક પસંદ છે એના કરતાં કે અમલોની અધિકતાની સાથે ગુનાહોનું પ્રમાણ પણ અધિક હોય."





મુહમ્મદ ઈબ્ને વાસેઅ عليه الرحمة والرضوان ફર્માવે છે કે અમે ગુનાહોમાં ગર્ક થઈ ગયા, જો કોઈ શખ્સ મારા ગુનાહોની દુર્ગંધ સુંઘે તો મારી પાસે ન બેસે." હસન બસરી عليه الرحمة والرضوان ફર્માવે છે કે જે લોકોએ હુસૈનને કત્લ કર્યા છે તેઓ જો અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી બખ્શાઈ પણ જાય તો તે રસૂલે કરીમ صلى الله تعالى عليه وسلم ને શું મોઢું દેખાડશે. ખુદાની કસમ ! જો હુસૈન رضي الله عنه ના કત્લમાં મારો હાથ હોત અને મને જન્નત તથા દોઝખમાંથી અધિકાર આપવામાં આવત તો હું દોઝખને અપનાવત ! એ ખૌફના સબબે કે જન્નતમાં રસૂલે કરીમ صلى الله تعالى عليه وسلم ની સમક્ષ કયા મોઢે જાઉં !

અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضي الله عنهما ફર્માવે છે જે શખ્સે અલ્લાહ તઆલાની ફર્માંબરદારી કરી તેણે તેને યાદ કર્યો ભલે તેની (નફ્લી) નમાઝ, રોઝા તથા તિલાવત ઓછી હોય, અને જેણે તેની નાફર્માની કરી તેણે તેને ભૂલાવી દીધો. સુફયાન ઈબ્ને ઐનિયહ્ عليه الرحمة والرضوان ને પૂછવામાં આવ્યું કે ફરિશ્તા બંદાનો ઈરાદો શી રીતે લખે છે ? એટલે કે તે ફરિશ્તામઓ જેઓ નેકી બદી લખવા માટે નિયુક્ત છે, જ્યારે કોઈ બંદાએ નેકી કે બદીનો ઈરાદો કર્યો અને હજી અમલ નથી કર્યો તો તેઓ ઈરાદાને કઈ રીતે જાણી લે છે ? આપે ફર્માવ્યું, જ્યારે બંદો નેકી કરવાનો ઈરાદો કરે છે તો તેનામાંથી કસ્તૂરી જેવી સુગંધ નીકળે છે અને એ સુગંધથી તેઓ માલૂમ કરી લે છે કે એણે નેકીનો ઈરાદો કર્યો છે. અને જ્યારે બુરાઈનો ઈરાદો કરે છે તો તેનાથી દુર્ગંધ નીકળવા લાગે છે તો એ બદબૂ પરથી તેમને ખબર પડી જાય છે કે એણે બુરાઈનો ઈરાદો કર્યો છે. હું કહું છું કે અહીં ઈરાદાથી પાકો નિશ્ચય મુરાદ છે, જો દૃઢ નિશ્ચય ન હોય તો લખવામાં નથી આવતો.

હઝરત બિશ્ર હાફી عليه الرحمة والرضوان ફર્માવ્યા કરતા હતા કે અમે એવા લોકો જોયા છે જેમના નેક અમલો પહાડોની બરાબર હતા, છતાં તેઓ અભિમાન કરતા ન હતા, જ્યારે હવે તમારો હાલ એ છે કે અમલ કંઈ પણ નથી અને છતાં અભિમાન લઈને ફરો છો ! **ખુદાની કસમ ! આપણી**

**વાત તો ઝાહિદો જેવી છે અને આપણા કામો મુનાફિકોનાં છે !**

હઝરત હાતિમ અસમ ફર્માવે છે, ''જ્યારે તું અલ્લાહ તઆલાની નાફર્માની કરે તો એવી હાલતમાં સવાર કરે કે હક તઆલાની નેઅમતો તને ઘેરો ઘાલનારી (વિંટળાઈ પડી) હોય તો ડરી જા ! કે આ 'ઈસ્તેદરાજ' છે. એટલે કે અલ્લાહ તઆલા તરફથી તને ઢીલ આપવામાં આવી છે એના પર ઘમંડ ન કર, અને જલ્દીથી તૌબા કર કે અલ્લાહ તઆલા જ્યારે પકડશે તો સખત પકડ કરશે.

હઝરત હાતિમ علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે અમે એવા લોકોને જોયા જેઓ નાના નાના ગુનાહોનો ઘણો જ ખયાલ કરતા હતા અને તમે મોટા મોટા ગુનાહોને તદ્દન નાનો પણ નથી સમજતા ! રબીએ ઈબ્ને ખૈશમ رضی اللہ عنہ ઈદની સવારે ફર્માવ્યા કરતા હતા કે મને તારી ઈજ્જત તથા જલાલતની કસમ ! જો હું જાણી લઉં કે તારી (ખુશી) મારા નફ્સને ઝબહ કરવામાં છે તો હું આજે મારો નફ્સ તારા માટે ઝબહ કરું.

કહમશન ઈબ્ને હસન علیہ الرحمۃ والرضوان ચાલીસ વરસ રડતા રહ્યા કેવળ એટલી વાતના ડરથી કે તેમણે એક દિવસે પડોશીની માટીથી તેની રજા લીધા વિના હાથ ધોયા. કહમશ ફર્માવે છે કે અમને એ ખબર પહોંચી છે કે હક્ક સુબ્હાનહૂ તઆલાએ દાઊદ علیہ السلام પર વહી મોકલી કે **હે દાઊદ ! બની ઈસ્રાઈલને કહી આપો કે તમને કઈ રીતે એ ખબર પહોંચી છે કે મેં તમારા ગુનાહો બખ્શી દીધા કે જેથી તમે ગુનાહો પર શરમાવાનું છોડી આપ્યું છે ?! મને મારી ઈજ્જત તથા જલાલિયતની કસમ ! હું દરેક ગુનેહગાર પાસેથી તેના ગુનાહો માટે હિસાબ લઈશ !**

ઈમામ શઅરાની ફર્માવે છે કે અલ્લાહ તઆલા પોતાનો ફઝ્લો કરમ દેખાડશે કે જેથી ગુનેહગાર પોતાના ગુનાહોને જોઈને શર્મ અનુભવે, પછી અલ્લાહનો ફઝ્લો કરમ જુએ. ઉત્બા ગુલામ એક દિવસ એક મકાન પર પહોંચીને કાંપવા લાગ્યો, અને પરસેવે રેબઝેબ થઈ ગયો. પૂછતાં જણાવ્યું કે આ મકાનમાં મેં બચપનની હાલતમાં અલ્લાહની નાફર્માની





કરી હતી આજે તે હાલત યાદ આવી ગઈ !

હઝરત માલિક ઈબ્ને દીનાર علیہ الرحمۃ والرضوان હજજના માટે બસરાથી પગપાળા નીકળ્યા. કોઈએ અર્ઝ કરી કે તમે સવાર કેમ નથી થતા ? આપે ફર્માવ્યું કે નાસી છૂટેલો ગુલામ જ્યારે પોતાના માલિકના દરબારમાં સુલહના માટે હાજર થાય તો તેને શું સવાર થઈને આવવું જોઈએ ? ખુદાની કસમ ! હું મક્કા મોઅઝ્ઝમામાં અંગારાઓ પર ચાલીને આવું તો પણ કમ છે !

મારા દીની ભાઈઓ ! વિચાર કરો ! બુઝુર્ગોને દીન પર કેટલા પ્રમાણમાં ખુદાનો ખૌફ સવાર હતો !! **તમો લોકો એટલું જરૂર યાદ રાખશો કે ગુનાહ થવાનું તો અમને યકીન છે, પરંતુ મગફેરત થવાનું શંકાસ્પદ છે ! કેમ કે અલ્લાહ તઆલાએ આપણી મગફેરતને મશિય્યત પર આધારિત રાખી છે કે જેની આપણને ખબર નથી, એટલા માટે આપણે રાત દિવસ ઈસ્તિગ્ફાર (ગુનાહોથી તૌબા) માં મશ્ગૂલ રહેવું જોઈએ.**

## ★ બંદાઓના હક્કો બાબતે ડરવું ★

સલફે સાલેહીનની મુબારક આદતોમાંથી એ પણ હતું કે તેઓ બંદાઓના હક્કોથી ખૂબ જ ડરતા હતા ભલે નાની સરખી બાબત હોય. દા.ત. ખિલાલ માટેની સળી, તો એનાથી પણ ડરતા રહેતા હતા અને ખાસ તો પોતાના અમલોને ખૂબ જ હલકા સમજતા હતા. અને તેમના ડર તથા પસ્તાવો કરવાની કોઈ હદ ન હતી, તેઓ સમજતા હતા કે અમારી પાસે કોઈ નેકી નથી કે હક્કના દાવેદારને તેના હક્કના બદલામાં કિયામતના દિવસે આપીને રાજી કરવામાં આવે. કેટલીકવાર કોઈ એક જુલ્મના સબબે જાલિમની સર્વ નેકીઓ લઈને પણ મઝલૂમ ખુશ થશે નહીં !

હદીષ શરીફમાં આવ્યું છે કે રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાએ કિરામને પૂછ્યું, શું તમે જાણો છો કે મારી ઉમ્મતમાંથી કિયામતના દિવસે

મુફલિસ કોણ હશે ? સહાબા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم જેની પાસે દિરહમ તથા દીનાર ન હોય તે મુફલિસ છે. તો આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"મુફલિસ તે શખ્સ છે કે જે કિયામતના દિવસે નમાઝ, રોઝા, ઝકાત, હજ્જ લઈને આવે અને તેણે કોઈકને ગાળ આપી હોય, કોઈનો માલ ખાધો હોય, કોઈનું ખૂન કર્યું હોય, કોઈને માર્યો હોય."** (તો તે દાવેદારો આવી જાય અને અર્ઝ કરે કે પરવરદિગાર ! એણે મને ગાળ આપી, એણે મને માર્યો, એણે મારો માલ પચાવી પાડયો, એણે મારું ખૂન કર્યું.) તો રબ તઆલા તેની નેકીઓ તે દાવેદારોને આપી દે અને જો નેકીઓ પૂરી થઈ જાય અને કોઈ નેકી ન રહે છતાં દાવેદારો બાકી રહે તો તેમના ગુનાહો એમના પર નાખવામાં આવશે. પછી તેના માટે દોઝખનો હુકમ આપવામાં આવશે અને તેને દોઝખમાં નાખવામાં આવશે.

એટલે કે હકીકતમાં મુફલિસ, ફકીર, ગરીબ, કંગાળ તે છે કે જે કિયામતના દિવસે નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત હોવા છતાં ખાલી થઈ જશે ! અબ્દુલ્લાહ અનીસ عليه الرحمه والرضوان ફર્માવે છે કે અલ્લાહ કિયામતના દિવસે ઈર્શાદ ફર્માવશે કે કોઈ દોઝખી દોઝખમાં અને કોઈ જન્નતી જન્નતમાં દાખલ થશે નહીં જ્યાં સુધી તે બંદાઓના હક્કોનો બદલો ન અદા કરે. એટલે કે જે કોઈનો હક્ક જેણે દબાવ્યો હોય તેનો ફેંસલો થતા સુધી દોઝખ કે જન્નતમાં પ્રવેશ પામશે નહીં.

વહબ ઈબ્ને મુનબ્બિહ عليه الرحمه والرضوان ફર્માવે છે કે બની ઈસ્રાઈલમાં એક નવયુવાન શખ્સે દરેક પ્રકારના ગુનાહોથી તૌબા કરી. પછી સિત્તેર વરસ અલ્લાહની ઈબાદતમાં રાત દિવસ રહ્યો. દિવસે રોઝા રાખતો રાત્રે જાગી ઈબાદત કરતો. કોઈ છાંયડા નીચે આરામ ન કરતો, ન કોઈ ઉમદા ભોજન ખાતો. જ્યારે તે મૃત્યુ પામ્યો તો તેના કેટલાક ભાઈઓએ તેને ખ્વાબમાં જોયો અને પૂછયું કે ખુદાએ તમારી સાથે શો વર્તાવ કયો ?! તેણે કહ્યું કે, **"ખુદાએ મારો હિસાબ લીધો પછી સર્વ ગુનાહો માફ કરી આપ્યા પણ એક લાકડીથી જે મેં તેના**





**માલિકની ઈજાઝત વિના દાંતમાં ખિલાલ કર્યો હતો. તેના સબબ આજ સુધી હું જન્નતથી પ્રતિબંધિત છું, એટલે કે રોકવામાં આવેલો છું."** હું કહું છું કે હદીષ શરીફમાં એનું સમર્થન આવેલું છે કે અલ્લાહ તઆલાએ ત્રણ ચીજોને ત્રણ ત્રણ ચીજોમાં છુપી રાખી છે : **(૧)** તેની રઝા (રાજીપા)ને તેની ફર્માંબરદારીમાં છુપી રાખી **(૨)** અને તેની નારાજગીને તેની નાફર્માનીમાં અને **(૩)** પોતાના વલીઓને તેના બંદાઓમાં. તો દરેક ફર્માંબરદારી અને દરેક નેકીને અમલમાં લાવવી જોઈએ કે માલૂમ નહીં કે તે કઈ બુરાઈ પર નારાજ છે ભલે તે બુરાઈ ગમે તેટલી નાની હોય. દા.ત. કોઈની સળી વડે ખિલાલ કરવો એ એક મામૂલી જેવી વાત છે અથવા કોઈ પડોશીની માટી વડે વિના ઈજાઝતે હાથ ધોવા એક નજીવી બાબત છે, પણ કેમ કે આપણને ખબર નથી જેથી શક્ય છે કે આટલા ગુનામાં હક્ક તઆલાની નારાજગી છુપાયેલી હોય તો એવી નાની નાની વાતોથી બચવું જોઈએ.

હઝરત હારિષ મજાસી عليه الرحمه والرضوان ફર્માવે છે કે એક શખ્સ જે અનાજને માપનારો હતો તેણે એ કામ ત્યજી દીધું કરી અને ખુદાની ઈબાદતમાં મશગૂલ થઈ ગયો. જ્યારે તે મૃત્યુ પામ્યો તો તેના અમુક ભાઈઓએ તેને ખ્વાબમાં જોયો અને પૂછયું કે અલ્લાહ તઆલાએ તમારી સાથે કેવો વર્તાવ રાખ્યો ? તેણે કહ્યું કે મારા માપમાં થોડીક માટી બેસી ગઈ હતી જેને મેં કાઢી નહીં, તેના પ્રત્યે લક્ષ ન આપ્યું તો દરેક માપમાં તે માટી જેટલું ઓછુ જતુ હતું. તો હું કુસૂરના સબબે અઝાબમાં છું. એ જ પ્રમાણે એક વ્યક્તિ પોતાના ત્રાજવાને માટી વગેરેથી સાફ કરતો ન હતો અને એ જ હાલતમાં ચીજો તોલીને આપતો રહેતો હતો. જ્યારે તે મૃત્યુ પામ્યો તો તેની કબરમાં અઝાબ શરૂ થઈ ગયો, એટલે સુધી કે લોકોએ તેની કબરમાંથી ચીસો પાડવાનો અવાજ સાંભળ્યો. તો અમુક નેક લોકોએ તેના માટે મગફેરતની દુઆ કરી તો તેની બરકતથી અલ્લાહ તઆલાએ તેના અઝાબને દૂર કરી આપ્યો.

અબૂ મુસૈરા ફર્માવે છે કે એક મૈયતને કબરમાં અઝાબ થઈ

રહ્યો હતો અને તેનાથી આગના ભડકા જાહેર થયા. તો મુર્દાએ પૂછયું કે મને શા માટે મારો છો ? ફરિશ્તાઓએ કહ્યું કે તું એક મઝલૂમ પાસેથી પસાર થયો તો તેણે તારી પાસે ફરિયાદ રજુ કરી પણ તેં તેની ફરિયાદ ન સાંભળી, અને એક દિવસે તેં વુઝૂ વિના નમાઝ પઢી. શરીહ કાઝી عليه الرحمة والرضوان ફર્માવ્યા કરતા હતા કે તમે લાંચ (રિશ્વત)થી બચ્યા કરો, કેમ કે લાંચ હકીમની આંખને આંધળી કરી દે છે. ઈમામ હસન બસરી عليه الرحمة والرضوان જ્યારે કોઈ હાકિમને જોતા કે તે ફકીરોમાં કાંઈક વહેંચી રહ્યો છે તો આપ ફર્માવતા કે, હે સદકો આપનાર ! તેં જેના પર જુલ્મ કર્યો છે તેના પર રહેમ કર અને તેની સાથે ન્યાય કર ! આ કામ સદકાઓથી ઘણુ જ બેહતર છે !

મૈમૂન ઈબ્ને મહરાન ફર્માવે છે કે **જે શખ્સ કોઈના ઉપર જુલ્મ કરે પછી તે ગુનાહથી છૂટકારો મેળવવા ચાહે તો જોઈએ કે દરેક નમાઝે તે શખ્સના માટે મગફેરતની દુઆ કરે, તો અલ્લાહ તઆલા તેના ગુનાહો માફ કરી આપશે.** હું કહું છું કે આ તે સંજોગોમાં છે કે તે મઝલૂમ (જુલ્મ પામનાર) મૃત્યુ પામે, અને જો જીવંત હોય તો તેની પાસે માફ કરાવે. મૈમૂન ઈબ્ને મહરાન ફર્માવે છે કે અમુક સમયે નમાઝી નમાઝમાં પોતે પોતાના પર લઅનત કહે છે અને તે જાણતો નથી. લોકોએ પૂછયું કે એવું કઈ રીતે થઈ શકે છે ? ફર્માવ્યું કે તે પઢે છે, الا لعنة الله على الظلمين કે "જાલિમ પર અલ્લાહની લઅનત" અને તે ખૂદ જાલિમ હોય છે કે તેણે પોતાના નફ્સની ઉપર ગુનાહોના સબબે જુલ્મ કર્યો હોય છે અને લોકોના માલો જબરદસ્તી પચાવી પાડેલા હોય છે અને કોઈકની બેઈજ્જતી કરેલી હોય છે, તો **"જાલિમો પર અલ્લાહની લા'નત"**માં એ પણ સામેલ થઈ જાય છે.

કઅબ અહબાર رضي الله عنه એ એક વ્યકિતને જોયો કે તે જુમ્આના દિવસે લોકો પર જુલ્મ કરે છે. આપે ફર્માવ્યું કે તું ડરતો નથી ! એવા દિવસે જુલ્મ કરે છે જે દિવસે કિયામત રચાશે અને જે દિવસે તારા બાપ આદમ عليه الصلوة والسلام પેદા થયા.





અહમદ ઈબ્ને હરબ ફર્માવે છે કે દુનિયામાંથી કેટલીયે કૌમો અઢળક નેકીઓની સાથે ગની નીકળશે અને કિયામતમાં મુફલિસ હશે કેમ કે બંદાઓના હક્કોમાં સર્વ નેકીઓ ગુમાવી બેસશે. સુફયાન થૌરી ફર્માવે છે કે જો સિત્તેર ગુનાહ તારા ખાલિકના લઈને ખાલિકના દરબારમાં રજુ થાય એ એનાથી બેહતર છે કે તું એક મખ્લૂકનો ગુનોહ લઈને જાય. એટલે કે બંદાઓના હક્કોમાંથી એક ગુનોહ ખુદાના હક્કોમાંના સિત્તેર ગુનાહો કરતાંય ખૂબ જ મોટો છે.

**પ્યારા વાંચકો !** વિચારો કે બુઝુર્ગાને દીનને બંદાઓના હક્કોનો કેવો ડર હતો. તો આપણે પણ જોઈએ કે તે બુઝુર્ગોના અનુસરણમાં બંદાઓના હક્કથી બચતા રહેવું જોઈએ અને શક્ય હોય ત્યાં સુધી આપણી હયાતીમાં બંદાઓના હક્કોના મામલામાં સાફ રહેવું જોઈએ.

## ★ કયામતનો ડર ! ★

સલફે સાલેહીનની મુબારક આદતોમાંથી હતું કે તેઓ જ્યારે કિયામતની ભયાનક હાલતો સાંભળતા તો ખૂબ જ ડરતા હતા. અને જ્યારે કુર્આન શરીફ સાંભળતા હતા તો તેમને બેહોશી છવાઈ જતી હતી. રસૂલે કરીમ صلى الله تعالى عليه وسلم એ એક દિવસ આ આયત પઢી **واذا الصحف نشرت۔** અલ્લાહ તઆલા ફર્માવે છે કે, "અમારી પાસે બેડીઓ છે અને આગ છે અને ખાવા છે અટકનારું અને અઝાબ છે દુઃખદાયક." તો હિમરાન ઈબ્ને અ'યન رضي الله عنه સાંભળી રહ્યા હતા. આ આયત સાંભળતાં જ બેહોશ થઈને પડી ગયા અને વફાત પામી ગયા. એકવાર યઝીદ રક્કાશી હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضي الله تعالى عنه ની પાસે આવ્યા તો ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે ફર્માવ્યું કે હે યઝીદ ! મને કોઈ નસીહત કર ! યઝીદે કહ્યું, હે અમીરુલ મો'મિનીન ! તું તે પ્રથમ ખલીફા નથી જે મૃત્યુ પામશે. એટલે તારાથી અગાઉ કેટલાયે ખલીફા મૃત્યુ પામ્યા અને તું મૃત્યુ પામીશ ! ખલીફા ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે રડવાનું શરૂ કર્યું અને ફર્માવ્યું કે કાંઈક અધિક સંભળાવો. યઝીદ રક્કાશીએ કહ્યું કે તારા અને

આદમ علیہ الصلوٰۃ والتسلیم ની વચ્ચે તારા બાપદાદાઓમાંથી કોઈ જીવંત નથી. ફરી ખલીફા રડયા અને ખૂબ રડયા અને ફર્માવ્યું કે હજી ફર્માવો ! તો તેમણે કહ્યું કે જન્નત અને દોઝખની વચ્ચે ત્રીજુ કોઈ સ્થાન નથી. એના પર ખલીફા રડયા અને બેહોશ થઈને પડી ગયા.

હસન ઈબ્ને સાલેહ علیہ الرحمۃ والرضوان એકવાર અઝાન આપતા આપતા જ્યારે આપે **અશ્હદુઅલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ** કહ્યું તો બેહોશ થઈને ગબડી પડયા. લોકોએ તેમને મીનારેથી ઉતાર્યા અને તેમના ભાઈએ અઝાન આપી અને નમાઝ પઢાવી. અને હસન બેહોશ હતા. અબૂ સુલૈમાન દારાની ફર્માવે છે કે મેં હસન ઈબ્ને સાલેહથી વધીને કોઈ ખુશૂઅ તથા ખુઝૂવાઅવાળો કોઈ માણસ નથી જોયો. એક રાત્રે સવાર સુધી સૂરહ **અમ્મ યતસાઅલૂન**ને જ દોહરાવતા રહ્યા. ઉપરોક્ત સૂરત પઢતા તો બેહોશ થઈ જતા, જ્યારે હોશ આવતો તો ફરી વુઝૂ કરતા અને ફરી પઢતા અને ફરી બેહોશ થઈ જતા. આમ કરતાં કરતાં આપે સવાર કરી દીધી. (علیہ الرحمۃ والرضوان)

હઝરત દાઊદ તાઈ علیہ الرحمۃ والرضوان એ એક ઔરતને જોઈ કે તે પોતાના કોઈ સગાની કબર પર રડી રહી હતી અને કહી રહી હતી, "કાશ ! ! મને જાણ થઈ થઈ જાત કે કબ્રના કીડાએ તારા ચહેરાના કયા ભાગને કરડવાની શરૂઆત કરી." દાઊદ તાઈ આ શબ્દો સાંભળીને થઈને જમીન પર ગબડી પડયા.

અમીરુલ મો'મિનીન ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ એકવાર સૂરએ **ઈઝશ્શમ્સુ કુવ્વિરત** પઢવી શરૂ કરી અને واذا الصحف نشرت પર પહોંચ્યા તો બેહોશ થઈને ગબડી પડયા અને જમીન પર ઘણીવાર સુધી સૂતેલા રહ્યા.

**ફાયદો** : જે લોકો સૂફીઓના વજદ તથા હાલ પર મજાક કરે છે તેઓ આ રિવાયતો પર વિચાર કરે અને શૈતાની વસવસાઓથી દૂર રહે. રબીઅ ઈબ્ને ખૈશમ علیہ الرحمۃ والرضوان એ એક કારીને સાંભળ્યા કે પઢી રહ્યા હતા : إِذَا رَأَتْهُمْ مِنْ مَّكَانٍ بَعِيْدٍ سَمِعُوْا لَهَا تَغَيُّظًا وَّ زَفِيْرًا આપ





સાંભળતાં જે બેહોશ થઈને ઢળી પડયા. લોકો તેમને ઉઠાવીને તેમના ઘરે લઈ ગયા. આપની ઝોહ્ર, અસ્ર, મગરિબ, ઈશાની નમાઝો જતી રહી કેમ કે આપ બેહોશ હતા અને આપ જ આપના મહોલ્લાના ઈમામ હતા. એક રિવાયતમાં છે કે તે કુર્આન પઢનાર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما હતા.

હઝરત વહબ ઈબ્ને મુનબ્બિહ કહે છે કે ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم જ્યારે આપની (ઈજતેહાદી) ખતાને યાદ કરતા તો આપના પર બેહોશી છવાઈ જતી. અને આપના દિલનો અવાજ એક માઈલ સુધી સંભળાતો હતો. એક દિવસ જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم નાઝિલ થયા અને અર્ઝ કરી કે અલ્લાહ તઆલા ફર્માવે છે, તેં કોઈ દોસ્ત જોયો છે જે પોતાના દોસ્તથી ડરતો હોય ? હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم એ ફર્માવ્યું, જ્યારે મને મારી લગઝિશ યાદ આવે છે તો દોસ્તી ભૂલાઈ જાય છે.

હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ علیہ الرحمۃ والرضوان એ એક દિવસ નમાઝ પઢાવી તો આપે સૂરએ યાસીન તિલાવત કરી. જ્યારે આપ આ આયત પર પહોંચ્યા ان كانت الا صيحة واحدة فاذاهم جميع لدينا محضرون તો તેમનો પુત્ર અલી બેહોશ થઈને ગબડયો અને સૂર્ય ઉગતા સુધી તે હોશમાં ન આવ્યો. અલી ઈબ્ને ફુઝૈલ જ્યારે કોઈ સૂરત પઢવા લાગતા તો તેને ખત્મ ન કરી શકતા અને **સૂરએ ઈઝા ઝુલ્ઝિલ્ત** તથા સૂરએ **અલ્કારિઅહ્** તો સાંભળી શકતા જ ન હતા. જ્યારે તે મૃત્યુ પામ્યા તો તેમના પિતા ફુઝૈલ હસ્યા. લોકોએ હસવાનું કારણ પૂછયું તો કહ્યું કે **અલ્લાહે તેની મૌતને પસંદ કરી તો અલ્લાહના પસંદ કરવાને લીધે મેં પસંદ કર્યું !**

મૈમૂન ઈબ્ને મહરાન ફર્માવે છે કે સલ્માન ફારસી رضی اللہ عنہ એ એક શખ્સને પઢતાં સાંભળ્યો કે તે પઢી રહ્યો હતો وَاِنَّ جَهَنَّمَ لَمَوْعِدُهُمْ اَجْمَعِيْنَ એ સાંભળીને આપે ચીસ પાડી અને માથા પર હાથ રાખીને જંગલ તરફ નીકળી ગયા.

હઝરત સર્રી સક્તી علیہ الرحمۃ والرضوان ફર્માવે છે કે હું દરરોજ મારા નાકને કેટલીયે વાર જાઉં છું એ ડરથી કે ક્યાંક મારુ મોઢું કાળુ ન

થઈ ગયું હોય ! (અલ્લાહુ અકબર !) આ છે દીનના પેશ્વાઓ !

**અલ્લાહુમ્મજ્ અલ્ના મિન્હુમ**

ઝરાહા ઈબ્ને અબી ઔફએ ફજરની નમાઝ પઢી અને જ્યારે આ આયત પઢી فَاِذَا نُقِرَ فِى النَّاقُوْرِ તો બેહોશ થઈને પડી ગયા. જ્યારે આપને ઉઠાવવામાં આવ્યા તો મૃત્યુ પામ્યા હતા.

કેટલાક બુઝુર્ગો જ્યારે આગ જોતા કે દીવો સળગાવતા તો જહન્નમને યાદ કરીને સવાર સુધી રડતા રહેતા.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછવામાં આવ્યું કે ડરનારા કોણ છે ? ફર્માવ્યું, જેમનાં દિલ ડરના માર્યાં એક ફોલ્લા જેવાં બની ગયાં છે અને તેમની આંખો રડે છે અને તેઓ કહે છે કે જ્યારે મૌત આપણી પાછળ છે અને કબર આપણી આગળ અને કિયામત આપણા માટે વાયદાની જગા તથા જહન્નમ આપણા માટે રસ્તો. અને અલ્લાહ તઆલાની સામે ઉભા રહેવાનું છે, પછી આપણે કેવી રીતે ખુશ થઈ શકીએ છીએ ?!

હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ એ એક જાનવરને જોઈને કહ્યું, કાશ ! હું પક્ષી હોત (તો અઝાબથી બચેલો રહેત.) અને માનવ ન હોત.

હઝરત અબૂઝર رضی اللہ عنہ ફર્માવતા હતા કે મને પસંદ છે કે હું ઝાડ હોત જેને કાપવામાં આવતે.

દોસ્તો ! બુઝુર્ગોને દીનના પ્રતિ ધ્યાન કરો કે તેઓ કેટલા પ્રમાણમાં ખુદાનો ડર ધરાવતા હતા. હવે તમે ખ્યાલ કરો કે શું તમને કદી અઝાબ વિશેની આયત સાંભળી રડવું આવ્યું છે ? ક્યારેક ખૌફ ઈલાહીથી બેહોશ થયા છો ? કદી અલ્લાહનું કલામ સાંભળીને તમારી રુંવાટી ઊભી થઈ ગઈ છે ? જો નહીં ! તો દિલની કઠણાઈનો ઈલાજ કરો અને કોઈ અલ્લાહના મકબૂલ બંદાની ગુલામી ઈખ્તિયાર કરીને તેનાથી પોતાની બાતિની બીમારીઓનો ઈલાજ કરાવો. અલ્લાહ પોતાના હકીકી શિફાખાનાથી તમને શિફા એનાયત કરશે અને જરૂર કરશે કે તેનો દા'વો સાચો છે.

**તમ્મત બિલ ખૈર** *(સંપૂર્ણ)*





## ★ કૂએ નબી ★

સરકારે દો આલમ કી નિગાહ મુઝ પર પળી હૈ
પહૂંચા હૂં વહાં ખુલ્દે બરીંકી જો ગલી હૈ

આયા જો મદીનેમેં તો કિસ્મતને પુકારા
બિગળી હૂઈ તકદીર યહાં આકે બની હૈ

કદમોં કો ઝરા હોશ સે ઈસ ખાક પે રખના
યહ કૂએ નબી હૈ અરે યહ કૂએ નબી હૈ

મહશરકી કળી ધૂપકા ખટકા નહીં મુઝકો
ચાદર મેરે સરકાર કે ગેસૂકી તની હૈ

લિલ્લાહ મુઝે અપના રુખે નૂર દિખા દો
પલ્કોમેં મેરી દીદકી ખાતિર તો નમી હૈ

આકા કે દરે પાક કે મંગતે હૈં મલાઈક
ઝોલી ભરી સબકી કે યહ દરબારે નબી હૈ

દે ડાલિએ મુઝકો ભી ગુલામી કી સનદ અબ
બખ્શિશ કો મેરે શાહ યહ ખૈરાત બળી હૈ

શબ સજદેમેં રોતે હૂએ સરકાર ગુઝારી
ઉમ્મત ચલે જન્નત કો યહ અરમાને નબી હૈ

અલ્લાહકો મહબૂબસે કિતની હૈ મહબ્બત
હાં **તાહા** વ **યાસીન**મેં અસરારે જલી હૈ

બુલ્વાતે રહેં મુઝકો મદીનેમેં હમેશા
અરમાં ગુલામે શહે દીં કા તો યહી હૈ

સૈયદ શહીદોં કે તો હઝરતે હમ્ઝહ્
જિનકી રાહે મૌલામેં તો ગર્દન ભી કટી હૈ

આલમ મેં મુસલમાં પરેશાં હૈં પરેશાં
બેચૈન નઝર આપકે હી દરપે જમી હૈ

માંગે હી ચલે જાઓ મિલેગા યહાં સબ કુછ
કિસ ચીઝકી દર પર મેરે મૌલા કે કમી હૈ

**'શાકિર'** ન હો ગમગીં તેરી ઝોલી વો ભરેંગે
બિન માંગે દિએ હૈં કે યહ દરબારે નબી હૈં